# સહજ-સત્સંગ

Year : 2 Issue : 22 Dt. 1-11-2014 Page - 52 માસિક

## વાનપ્રસ્થાશ્રમ





## મા મીરાંબિકા

Surrender is the decision taken to handover the responsibility of your life to the Divine.

- The Mother

**સમર્પણનો અર્થ**

સમર્પણ એ ભાવરૂપ, દૃઢ-ધારણા આત્મામાં વિકસતી,
જીવનને પ્રભુ ઘાટ દે, ને પોતે આપે સદા અનુમતિ,
ન પોતાના આદર્શો ધરે, પણ સર્વસ્વ પ્રભુને સોંપતો બને,
પ્રભુનું તે કરણ બની, પ્રભુ - કાર્યમાં વપરાતું રહે.

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

# ભૂતકાળને ભૂલીએ

(તા.૨૦.૧૧.૧૯૧૪ - પૃ.૨૦૨)



ભૂતકાળની અનુભૂતિઓની ખુદ સ્મૃતિને પણ ચિત્તમાંથી સાવ ભૂંસી નાખવાની રહે છે..... આ સાપેક્ષતાઓની બનેલી સૃષ્ટિમાં, આ અસ્ખલિત થતા રહેતા નવસર્જન દ્વારા જ તારો પૂર્ણ આવિર્ભાવ બનવાનો છે.

અમે ઘણીવાર ભૂતકાળને ખૂબ જ વળગી રહીએ છીએ. અમને ડર લાગે છે. આ કોઈ કિંમતી અનુભૂતિનું પરિણામ ચાલ્યું ગયું તો અમે..... કોઈ નીચલી અવસ્થામાં સરી પડશું!

જે વ્યક્તિ તારી થઈ ચૂકેલી છે તેણે શાનાથી ડરવાનું હોય?

પોતાના આત્માને અધિક ને અધિક વિશાળ કરતા રહીને..... એ માર્ગે જ શું ચાલ્યા જવાનું નથી?

પ્રભુ, અમારા બુદ્ધિજન્ય સમન્વયોને પણ આપને જરૂરી લાગે તો વિખેરી નાખો અને એમ આપનું કાર્ય પૃથ્વી ઉપર વધુ ને વધુ સારી રીતે સિદ્ધ થાઓ..... આપની સેવાનું કાર્ય પૂર્ણતાને પામો.

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ | શીર્ષક | પૃષ્ઠ |
|---|---|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** | | **યોગ પર દીપ્તિઓ** | |
| (ભૂતકાળને ભૂલીએ) | ૩ | (અંતરાત્માને રૂંધી નાંખનારા ધુમાડાઓ) | ૩૨ |
| **પ્રાર્થના છે પ્રભુનો પોકાર** | ૬ | **સાંજના વાર્તાલાપો** (દેવોનાં સ્વરૂપો) | ૩૫ |
| **દિવ્યજીવન** (પરમ ચેતનાનું અસ્તિત્વ) | ૮ | **વેદવિજ્ઞાન** (ઉષા - ભગ) | ૩૮ |
| **માતૃવાણી** | | **ધ મધર્સ એજન્ડા** | |
| (ભાગવત - દૃષ્ટિથી જગત વિષેની સમજણ-૧) | ૧૧ | (ઇન્દ્રિયોના કાર્યમાં ફેરફાર) | ૪૧ |
| **સાવિત્રી** (અવક્રાંતિની પ્રક્રિયા અને તેનો હેતુ) | ૧૬ | **યોગનાં મૂળતત્ત્વો** (મુશ્કેલીઓ અને પ્રગતિ) | ૪૩ |
| **યોગ વિષે પત્રો** (વૈશ્વિક-સત્ય અને વૈશ્વિક-અવિદ્યા) | ૨૦ | **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** | |
| **ઉપનિષદો** (અતિમાનસિક દેવ) | ૨૩ | **(પ્રભુ સાથે હસતાં શીખો (૭૯-૮૧)** | ૪૫ |
| **વેદ-રહસ્ય** (ચાર સમ્રાટો-વરુણ,મિત્ર,ભગ,અર્યમા) | ૨૫ | **જાતક કથાઓ** (''કરમના ફળ'') | ૪૭ |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** | | **''અધિમનસ સિદ્ધિદિન''** | ૪૮ |
| (અતિમનસનું કાર્ય) | ૨૮ | **કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર** | |



મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

**સહજ-સત્સંગ**

અંક : ૨૨ વર્ષ : ૨
નવેમ્બર - ૨૦૧૪

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**

**: સહજ સત્સંગ કાર્યાલય :**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ-૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો.૯૮૨૪૩૭૩૯૨૯**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ-૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

**અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ - રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો રાજકોટમાં જ ચૂકવાય તેવો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
કૃપયા મનીઓર્ડર નહિ પરંતુ રાજકોટમાં વસૂલ થાય તેવા ચેક, ડ્રાફ્ટ,
**'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ'**ના નામે રાજકોટમાં જ ચૂકવાય તેવો મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)

# ભૂતકાળને ભૂલીએ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

માતાજી પ્રભુને પ્રાર્થના કરે છે કે તેઓ પ્રભુ સામે તદ્દન કોરા કાગળ જેવી બની રહેવા માંગે છે. તે માટે ભૂતકાળની અનુભૂતિને પણ સ્મૃતિમાંથી સાવ ભૂંસી નાખવી પડશે. અનુભૂતિ કાયમ અનુભવ લેનાર વ્યક્તિની સમજણની કક્ષાનુસાર આવે છે. તે વખતના તબક્કામાં તે અનુભૂતિની જરૂર હતી. આજે તેની જરૂર નથી. અનુભૂતિઓનું મહત્ત્વ આમ સાપેક્ષ હોય છે.

જૂનાનું વિસર્જન અને નવસર્જન આવી પ્રક્રિયાથી જ પ્રભુનો સાક્ષાત્કાર થવાનો છે. જૂના જ્ઞાનનું ટકી રહેવું નવા જ્ઞાન માટે અવરોધરૂપ બની શકે છે.

પણ આપણને ભૂતકાળને વળગી રહેવાની ટેવ છે. ભૂતકાળના અનુભવોના આધારે જ વર્તમાન સમસ્યાઓનો ઉકેલ લાવવાની આપણને ટેવ છે, તેથી ભૂતકાળની અનુભૂતિ ભૂલી જવાથી ભૂતકાળની સમસ્યા ફરી આપણી સામે ખડી થશે એવો ડર આપણને લાગે છે.

પણ જે વ્યક્તિ સર્વસ્વ પ્રભુને જ અર્પી પ્રભુના જ આધારે જીવે છે તેને શેનો ડર હોઈ શકે ? જેમ જેમ ચેતનામાં પ્રગતિ થાય છે, તેમ તેમ ચેતના વધુને વધુ વિશાળ, વધુ ને વધુ શુદ્ધ અને જ્યોતિર્મય બનતી જાય છે. બસ, એ માર્ગે જ નિર્ભય થઈને આગળ વધવું એ જ આપણું કામ છે. બાકી બધું પ્રભુ ફોડી લેશે.

અમે અમારી જૂની સમજણોને એકબીજા સાથે સમન્વયમાં ગોઠવીને સમગ્ર જ્ઞાન તૈયાર કરેલ હોય છે. માતાજી જણાવે છે કે આવા સમન્વયો પણ નવી ચેતનાના વિકાસમાં અવરોધરૂપ થતા હોય તો પ્રભુ તમે બેધડક તે ભાંગી નાખજો. તેમ કરવાથી આપનું કાર્ય વધુ સરળ બને, વધુ પૂર્ણ બને; વધુ સિદ્ધ થાય એવી જ માતાજીની અપેક્ષા છે.

# પ્રાર્થના છે, અંતરનો પોકાર

- જ્યોતિબેન થાનકી

**પ્રાર્થના એટલે પ્રભુ સમક્ષ કરેલું નિવેદન :**

બાળક કોઈ મુશ્કેલીમાં આવી પડે, તેને કંઈ આવડતું ના હોય, અથવા કોઈ તેને હેરાન કરતું હોય, કે તેને કોઈ વસ્તુ જોઈતી હોય તો તે તેના માતાપિતાને કહે છે, અને એથી માતાપિતાની તે વધુ નજીક આવે છે. માતાપિતા એને સાંભળે છે, એની સમસ્યા જાણે છે અને તેનો ઉકેલ  લાવે છે. આમ બાળક નિર્ભય બની જાય છે. એનામાં હૂંફ, હિમ્મત અને આત્મવિશ્વાસ જાગે છે. એવું જ શિશુ આત્માનું છે. એ મુશ્કેલીમાં આવી પડે, કોઈ દુષ્ટ તત્ત્વો એને રંજાડ કરે, કોઈ હઠીલાં તત્ત્વો એનો પીછો છોડતા ન હોય, એ સમયે તે ભગવાનને જણાવે તો એથી ભગવાનની તે વધારે નજીક આવે છે. ભગવાન આગળ નિવેદન કરવાથી ભગવાનનો વિશેષ પ્રેમ તેને પ્રાપ્ત થાય છે. ભગવાન સાથે એનો આત્મીય સંબંધ બંધાતા પછી તેની અંદર આપોઆપ શાંતિ અને આત્મવિશ્વાસ જાગી ઊઠે છે અને બહારની દેખીતી પરિસ્થિતિ એની એ હોવા છતાં તેની અંદર બધું બદલાઈ ગયું હોવાથી પછી મુશ્કેલીઓ કે હઠીલાં પરિબળો તેને અસર કરી શકતાં નથી. દુન્યવી માતાપિતાની છત્રછાયામાં જેમ બાળક સુરક્ષા અને હૂંફ અનુભવે છે, એમ જ ભગવાન આગળ કરેલાં નિવેદનોના પરિણામે શિશુ-આત્મા પણ ભગવાનની છાયામાં હૂંફ અને સુરક્ષાનો અનુભવ કરે છે.

પણ પ્રશ્ન એ થાય છે કે માતાપિતાને તો પ્રત્યક્ષ જોઈ શકાય છે. તેમની સમક્ષ વાતચીત કરી તેનો જવાબ પણ તાત્કાલિક મેળવી શકાય છે. પણ ભગવાન તો દેખાતા નથી. તો પછી તેમની આગળ નિવેદન કેવી રીતે કરવું ? વળી તેઓ આપણી વાતચીતને સાંભળે છે, એની ખબર પણ આપણને પડતી નથી. તો આ તો એકપક્ષીય વાર્તાલાપ થયો. આવા એકપક્ષીય વાર્તાલાપનો

આનંદ પણ શું આવે ? પ્રારંભમાં આવો પ્રશ્ન ઊઠે છે, કેમકે આપણું ભૌતિક મન એવું જ માની લે છે કે આ તો એકપક્ષીય નિવેદન છે. પણ શરૂઆત થઈ જાય, પછી ધીમે ધીમે પ્રાર્થનાનો ભાવ દૃઢ બનતાં અનુભૂતિ થાય છે કે આ એકપક્ષીય વ્યવહાર નથી. જ્યારે ચારેબાજુથી માણસ ફસાઈ ગયો હોય, ત્યારે ભગવાન સાથે વાતચીત કરવા માંડે, તીવ્રભાવે એમની આગળ નિવેદન કરવા લાગે, તો ખરેખર તેની ચેતનામાં અદ્‌ભુત પરિવર્તન આવી જાય છે. ભગવાન સાથેની વાતચીત માત્રથી તેનું ચિત્ત શાંત થઈ જાય છે. તેનો આવેગ શમવા લાગે છે. મૃત્યુ તરફ દોરી જતી એની વિચારોની ભૂતાવળો ભગવાનને યાદ કરતાં જ અદશ્ય થવા લાગે છે. ધીમે ધીમે પ્રથમ તો તેની પોતાની અંદર સ્વસ્થતા આવે છે અને જેમ જેમ પ્રાર્થનાનો ભાવ વધતો જાય છે, ભગવાન સાથેનું અનુસંધાન વધતું જાય છે,તેમ તેમ તેને જીવન જીવવા જેવું, આનંદમય લાગવા માંડે છે અને પછી તેને થાય છે કે અરેરે, આવું સુંદર જીવન હું બરબાદ કરવા જઈ રહ્યો હતો ! જેમ જેમ પ્રાર્થનાનો ભાવ ઉત્કટ બનતો જાય તેમ તેમ તેને ભગવાનની સહાયનો અનુભવ થવા લાગે છે. ભૂતકાળના દુષ્કૃત્યોનું કર્મફળ પણ પ્રાર્થનાને પરિણામે ઓછું થઈ જાય છે. જેમ ફાંસીમાંથી માફી મેળવવા રાષ્ટ્રપતિને દયાની અરજી કરવી પડે છે, તેમ ભૂતકાળના દુષ્કૃત્યોમાંથી માફી મેળવવા ભગવાનને પ્રાર્થનારૂપી અરજી કરવી પડે છે અને આ અરજી સતત કરવી પડે છે. તેનું પરિણામ પછી હળવી સજાના રૂપમાં મળે છે.

પરંતુ પરિસ્થિતિ એવી બને છે કે પોતાના દુષ્કૃત્યોથી ઘેરાયેલી વ્યક્તિને પ્રાર્થના કરવાનું સૂઝતું નથી. જો એવી એની કક્ષા હોત તો તો પછી આટલી મુશ્કેલીઓ સર્જાઈ જ ન હોત ! આવી વ્યક્તિઓ મોટે ભાગે ભગવાનમાં માનતી હોતી નથી, અને એના પરિણામ સ્વરૂપ અસલામતી, ભય, ઉદ્વેગ, વ્યગ્રતા, ચિંતા અને કોઈ ઉપાય ન જણાય તો આત્મહત્યા આ બધી પ્રભુવિહોણી સ્થિતિથી આખું જીવન દુઃખમાં પસાર કરે છે. આ દુઃખમાંથી બહાર નીકળવાનો સહેલામાં સહેલો ઉપાય માત્ર એક જ છે અને તે છે પ્રભુ સાથેની સીધી વાતચીત, એટલે કે પ્રાર્થના, આત્મનિવેદન, અદૃશ્ય સાથીદાર સાથેનો વાર્તાલાપ.

# દિવ્ય-જીવન

- શ્રી અરવિન્દ

# પરમ ચેતનાનું અસ્તિત્વ

પ્રકરણ - ૧૦

**સમજૂતી** - માનસિંહ ચાવડા

શ્વેતાશ્વતર ઉપનિષદમાં એક અનુભવ આવે છે તેમાં ઋષિ એમ જણાવે છે કે ઋષિ, મુનિઓ જ્યારે ધ્યાનમાં મગ્ન હતાં ત્યારે તેમણે જોયું કે પરમ ચેતનાની ચેતનાશક્તિએ પોતે જ વિવિધ આંદોલનો દ્વારા વિવિધ ગુણધર્મો સર્જ્યા અને તેમના રૂપ બનીને પોતે ગુપ્ત રીતે તેમાં રહી 'તે ધ્યાનયોગાનુગત અપશ્યન દેવાત્મશક્તિ સ્વગુણૈર્નિગૂઢામ્ - શ્વેતાશ્વર ૧-૩' અને કઠોપનિષદમાં કહ્યું છે કે જેમ ગાઢ નિદ્રામાં સૂતેલો માનવી આળસ મરડી જાગીને, સક્રિય બને છે, તેમ પેલી પરમ ચેતનાએ પોતાની નિષ્ક્રિયતા અને નિરાકારતાની ઊંઘમાંથી જાગી આત્માની જ દિવ્ય શક્તિ તરીકે સક્રિય બની. 'ય એષ સુપ્તેષુ જાગર્તિ' - કઠ. ૫.૮

વૈદિક ઋષિઓએ પરમ ચેતના નિષ્ક્રિય હતી અને તે બાદ સક્રિય બની એ સમજાવવા સમુદ્રનું પ્રતીક વાપરેલ છે. શાંત સમુદ્ર એ નિરાકાર નિષ્ક્રિય અસીમ ચેતના અને ભરતીથી વલોવાતો સમુદ્ર એટલે સક્રિય બનેલી ચેતના.

નિરાકાર ચેતનામાં સક્રિયતા નિર્માણ થઈ એ આંદોલન સ્વરૂપે. પરમ ચેતનાએ સાકાર થવાનો જે સંકલ્પ કર્યો તેને કારણે આત્મશક્તિનાં આંદોલનો નિર્માણ થવા લાગ્યાં. આંદોલનો એટલે કંપન. ઉપનિષદો તેથી જ જણાવે છે કે આ સમગ્ર જગત કંપનાત્મક છે - નાદાત્મક છે. કંપનને કારણે જે ઘેરો નાદધ્વનિ નિર્માણ થયો તે ૐ કાર ધ્વનિ - તેને ઉપનિષદો કહે છે. 'ઉદ્ગાન' અર્થાત્ આલાપ. સૂસવાટા મારતો પવન જેમ સૂસવાટાનો ધ્વનિ નિર્માણ કરે તેમ આ આત્મશક્તિનાં આંદોલનોએ પોતાની ગતિ વધારતા જે નાદ નિર્માણ થયો તે જ

'ઉદ્‌ગાન' છે. આથી જ ૐની ઉપાસનાને 'ઉદ્‌ગીથ-વિદ્યા' કહે છે. તે ઉદ્‌ગાનની વિદ્યા છે. તેની ઉપાસના કરવાથી આપણી ચેતના પોતાની મેળે ચેતનાના પેલા મૂળ આંદોલનો સાથે સંવાદમાં ગોઠવાઈ જાય છે અને તેથી ત્યાં બીજરૂપે રહેલાં ભાવિ ઉત્ક્રાંતિનાં આંદોલનોનો અર્થ અને ભાવ તેઓ સમજી શકે છે.

આ તીવ્ર આંદોલનો સ્વરૂપ સક્રિય ચેતનાને જ ઋષિઓ વાયુ અવસ્થા કહે છે. તીવ્ર આંદોલનો માટે ઋષિઓએ વાયુ-લહરીઓનું પ્રતિક વાપરેલ છે. સૌમ્ય-આંદોલનોની અવસ્થાવાળી ચેતના એટલે આકાશ. આમ, આકાશમાંથી વાયુ નિર્માણ થયો. 'આકાશાત્ વાયોઃ' એવું ઉપનિષદો જણાવે છે.

આ ચેતનાની લહેરીઓ એકબીજા સાથે અથડાવા લાગી, અથવા તેમનો સંગમ થવા લાગ્યો. કોઈ વખત સમન્વય તો કોઈ વખત સંઘર્ષ નિર્માણ થયો અને તેથી ચેતનામાં વમળો નિર્માણ થયાં. આ વમળોને કારણે આકાર, રૂપ અને આકૃતિઓ નિર્માણ થવા લાગી. અથડામણ અને સંઘર્ષને કારણે તે આંદોલનોમાં તેજ પ્રકટ થયું. આ છે ચેતનાની 'અગ્નિ' - અવસ્થા. આમ, ચેતનાની વાયુ-અવસ્થામાંથી અગ્નિ - અવસ્થા નિર્માણ થઈ તેથી ઉપનિષદો જણાવે છે કે 'વાયોઃ અગ્નિઃ'.

આ ચેતનામાં નિર્માણ થતાં પ્રકાશમય વમળો એ એક જ ઠેકાણે સ્થિર હતા. ગતિમાન નહોતાં. તેથી તેને 'અગ્નિ' કહે છે. અ + ગ નો અર્થ છે ગતિ વગરનાં, સ્થાનાંતર ન કરનારા વમળો. તેઓ આગળ ને આગળ વધતાં હોય છે. આવા સ્થિર પ્રકાશમય વમળોને ઋષિઓ અગ્નિ કહે છે. અગ્નિનાં સ્ફુલિંગની જેવા આ વમળો હોય છે. આ રીતે ચેતનાની અગ્નિ અવસ્થામાં રૂપ અને આકારનું સર્જન થાય છે. પણ આ રૂપ અને આકાર ઘનીભૂત અને સ્થૂલ હોતા નથી પણ ફક્ત તેજોમય હોય છે. થિયેટરનાં પડદાં ઉપરનાં પ્રકાશ અંધકારનાં મિશ્રણથી થયેલાં પ્રોજેક્ટેડ ચલચિત્રો જેવાં.

આ પછી ચેતનાની ચોથી અવસ્થા નિર્માણ થાય છે. તેને ઋષિઓ પ્રતીકાત્મક રીતે 'આપ - અવસ્થા' કહે છે. આપ એટલે પાણી. પાણી જેમ વહેતું હોય, સ્થાનાંતર કરતું હોય તેમ અગ્નિ - અવસ્થામાં સ્થિર વમળો હવે સ્થાનાંતર કરવા

માંડે છે. 'અપસર' એટલે આઘા ખસવું. સ્થાનાંતરની ગતિ પ્રાપ્ત કરવી તેની ઉપરથી 'અપઃ' શબ્દ આવ્યો છે અને આ પાણી જેવી પ્રવાહી સ્થિતિને કહે છે 'આપઃ'. જેમ ચક્રવાત વાયુનો વંટોળિયો પોતે વમળ સ્વરૂપ હોય છે એ તેની પોતાની આંતરિક ગતિ હોય છે, તેમ જ તે સમગ્ર વમળ જ, તે ચક્રવાત પોતે જ આગળ ને આગળ વધીને સ્થાનાંતર કરતો હોય છે. આ સ્થાનાંતરની ગતિ પ્રાપ્ત કરેલ વંટોળિયો એકલે આપ અવસ્થા. ચેતનાની આ ચોથી અવસ્થા છે. તેથી ઋષિઓ જણાવે છે કે 'અગ્નેર્આપઃ' અગ્નિ - અવસ્થામાંથી આપ - અવસ્થા નિર્માણ થઈ.

આ સ્થાનાંતરની ગતિ પ્રકાશસ્વરૂપ વમળોને તેમના આપસમાંનાં આકર્ષણ અને અપાકર્ષણને કારણે મળે છે. આનો અર્થ એ થયો કે તેમનામાં રહેલાં આંદોલનો જુદાં જુદાં પ્રકારનાં છે. અમુક આંદોલનો વચ્ચે આકર્ષણ થાય છે. અમુક વચ્ચે અપાકર્ષણ થાય છે. અમુક એકરૂપ થવા મથે છે અમુક જુદા રહેવા મથે છે. તેથી અપાકર્ષણ થાય છે આ તફાવત ઘન અને ઋણ વિદ્યુત જેવો લાગે છે. ઋષિઓએ વિદ્યુતને પણ અગ્નિનો પ્રકાર જ ગણાવેલ છે અમુક પ્રકાશ વલયો ઘન વિદ્યુતભારિત બની જાય છે અમુક ઋણ વિદ્યુતભારિત બને છે.

ઘન અને ઋણ વિદ્યુતને જ અંગ્રેજીમાં AC અને DC કહે છે. Alternative Current અને Direct Current કહે છે. Alternative Current એટલે ઘન અને ઋણ વિદ્યુતના પ્રવાહો વારાફરતાં પ્રવાહિત થાય એવી પ્રક્રિયા અને Direct Current એટલે ફક્ત ઘન અથવા ફક્ત ઋણ વિદ્યુતપ્રવાહ અખંડ વહેતો હોય એવી પ્રક્રિયા. આ રીતે પ્રકાશવમળોના ત્રણ પ્રકાર પડે છે. પહેલો પ્રકાર એટલે ફક્ત ઘનવિદ્યુત અખંડ વહે તેવું એકમ. બીજો પ્રકાર એટલે ફક્ત ઋણ વિદ્યુત અખંડ વહે તેવું એકમ. ત્રીજો પ્રકાર એટલે ઘન અને ઋણ વિદ્યુતના પ્રવાહ વારાફરતી વહે તેવું એકમ. ઘન વિદ્યુતભારિત એકમને 'પ્રોટોન્સ' કહે છે. ઋણ વિદ્યુતભારિત એકમને ઈલેક્ટ્રોન્સ કહે છે. અને ઘન અને ઋણવિદ્યુત વારાફરતી નિર્માણ કરતાં એકમને ન્યુટ્રોન્સ કહે છે. આવા ત્રણ એકમો મળીને જાણે એક નાનકડું સૂર્યમંડળ રચે છે. તેમાંથી 'અણુ' તૈયાર થાય છે.

## અવતરણો
# ભાગવત-દૃષ્ટિથી જગત વિષેની સમજણ - ૧

(માતૃવાણી - ૨, પૃ.૨૮૬-૩૦૨)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(ગતાંકથી ચાલુ)

૪ **ખોરાક :** ખોરાકના પ્રકારને આધ્યાત્મિક-જીવન સાથે ઓછી નિસ્બત છે. અપવાસ કરતા પ્રભુના કાર્યને સચ્ચાઈભર્યું સમર્પણ અનેક ગણું મૂલ્યવાન છે. ભોજન પ્રભુ કરે છે આપણે નહિ, તેથી શરીરની લાલસા-તૃપ્તિ માટે ભોજન નથી પણ તેને ટકાવી રાખવા માટે છે. શરીરનાં બળ અને આરોગ્ય ટકી રહેવાં જોઈએ એ મહત્ત્વનું છે.

૫ **મિત્ર :** ભગવાન જ સાચો મિત્ર છે. તે આધાર અને માર્ગદર્શન આપે છે અને છેહ આપતો નથી. તે આપણો શાણો મિત્ર છે, જે આપણને ઉન્નત બનાવે છે. તેથી એવી વ્યક્તિઓને મિત્ર બનાવો જે તમને તમારી જાતથી ઉપર ઊઠવામાં મદદ કરે. પ્રભુ પ્રત્યે લઈ જાય.

૬ **પ્રતિભા :** બુદ્ધિ પ્રકાશમય થાય ત્યારે તેમાંથી પ્રતિભા વિકસે છે. તમારામાં જન્મથી પ્રતિભા બીજસ્વરૂપે હોવા છતાં તમે તેને જાણતા હોતા નથી. આધ્યાત્મિકતા જ પ્રતિભા આપતી નથી. તેના વગરનો માનવી (શાસ્ત્રજ્ઞ) પણ પ્રતિભાશાળી હોઇ શકે છે. પણ પ્રતિભા હોવી એ એક ખાસ પ્રકારની પ્રગતિ જ છે.

૭ **લક્ષ્ય :** લક્ષ્ય જ મહત્ત્વનું છે. માર્ગની બહુ ચિંતા ના કરો. ઘણી વખત માર્ગ અગાઉથી ખબર પણ હોતો નથી. ભગવાનની પ્રાપ્તિ એ સર્વ શ્રેષ્ઠ લક્ષ્ય

છે. તેમાં ભાગવત-ચેતનામાં પોતાને ઓગાળી નાખો છો. ભાગવત-ચેતના દેહમાં ઊતરી આવે અને તેનું રૂપાંતર કરે એ આપણું લક્ષ્ય છે. તેણે જગતનું પણ રૂપાંતર કરવાનું જ છે. હાલમાં અતિમાનસ સત્તાનો આવિર્ભાવ કરવો એ આપણું વચગાળાનું લક્ષ્ય છે. પૃ.૨૯૨

આપણા જીવનને સમૃદ્ધ અને સગવડભર્યું કરવા આપણે અહીં પૃથ્વી ઉપર આવેલા નથી. આપણે અહીં ભગવાનને શોધવા, પામવા અને આવિર્ભાવ કરવા આવ્યાં છીએ. જાણીતા રસ્તા પર ચાલવું સહેલું છે, પણ અજાણ્યો હોય, તો મુશ્કેલ લાગે છે. આપણે અહીં સત્ય અને પ્રેમને આધ્યાત્મિક- જીવન દ્વારા પ્રગટ કરવા આવેલા છીએ. આધ્યાત્મિક-જીવન બધાનું સાર-તત્ત્વ પ્રગટ કરે છે અને તે પણ અનંત વિવિધતામાં. ભાગવત-સંકલ્પને પ્રગટ કરવો એ આપણા અસ્તિત્વનું અહીં લક્ષ્ય છે. પૃ.૨૯૨-૩૧૭

૮ **કૃપા :** ભગવત્કૃપા બધું સમજે છે અને સંજોગો દ્વારા લક્ષ્ય પ્રત્યે લઇ જાય છે. મનુષ્યો આમાં પાછા વળી જાય છે, પણ ભગવાન નહિ. પ્રભુ આપણું હર ક્ષણે સંરક્ષણ કરે છે પણ આપણે તે વિષે જાણતા નથી. ભગવત્કૃપા હર સમયે અને સ્થળે પોતાનું કાર્ય કરે જ છે, પછી સંજોગો ભલે અંધકારભર્યા હોય. જેઓ પોતાને સુધારવા માંગે છે, તેમને વધુ મદદ આપવામાં આવે છે. કૃપાની મહત્તા સમજવાની માનવમાં ભાગ્યે જ ક્ષમતા હોય છે. દરેક સ્થિતિમાં ભગવત્કૃપા ઉપર શ્રદ્ધા રાખો અને શાંત રહો. કૃપા માણસને મૂર્ખતા અને અંધતામાંથી બહાર કાઢવા માંગે છે. પૃ.૨૯૩

૯ **ઊંચાઇ અને ગહનતા :** સર્વોત્તમ ઊંચાઇ ગહનત્તમ ઊંડાણોને પણ સ્પર્શતી હોય છે અને તે પણ સીધે સીધી ઠેઠ ભૌતિક-જડતા સુધી. ચેતનાની ઊંચાઇએ પહોંચશો તો તમે ગહનતાને પણ જાણી શકશો.

આ બધાંનું કારણ એ છે કે જે ઊર્ધ્વમાં છે તે જ આધારમાં પણ છે. પૃ.૨૯૫

૧૦ **સહાયતા :** દિવ્ય-ચેતના જ સાચી સહાય અને સાચું સુખ આપી શકે છે. તે

અહર્નિશ સહાય આપે છે પણ તે ચેતનાની પ્રગતિ માટેની હોય છે. પ્રભુની સહાય હોય તો કોઈ વસ્તુ અસંભવ નથી. પૃ.૨૯૫

૧૧ **માતાજી પોતા વિષે :** હું બધાં માટે પોતાની જાતને જવાબદાર ગણું છું. પુકાર આવે તો હું શક્તિ, પ્રેરણા, સંરક્ષણ મોકલું છું. હું અને તું જુદાં નથી, એક જ છીએ. હું તમારી સાથે પરમાત્માથી માંડી ભૌતિક-સ્તર સુધી રહેલી છું. વેદના હું પણ અનુભવું છું પણ મારો બીજો ભાગ સાક્ષીભાવે તે અનુભવે છે. પૃ.૨૯૬

હું ઊણપો તરફ નહિ, શક્યતા તરફ જોઉં છું. હું તમારી મિત્ર અને સાથી છું. સત્ય પ્રત્યે તમારી ચેતનાનું આરોહણ કરાવવું એ મારું કાર્ય છે. જે પ્રભુ મને કહે છે તે જ હું કરું છું. સર્વોચ્ચ-ચેતનાને નીચે લાવવાની ગોઠવણ મારે ભૌતિક-સ્તરે કરવાની છે. દિવ્યપ્રેમ અને સાક્ષાત્કાર કરાવવો એ મારું કાર્ય છે. મારા બાળકના અસત્યાચરણનો મને આઘાત લાગે છે. મને સુખી કરવા તમે દિવ્ય-સભરતાથી સ્વસ્થ રહો. વસ્તુઓ ગોઠવાઈ ગઈ જ છે. તમારી અભીપ્સાને પ્રજ્વલિત કરો. પૃ.૩૧૮

૧૨ **માનવ-સ્વભાવ :** માનવ વિશ્વની ઉપલી સપાટી ઉપરનું અલ્પજ્ઞાન જાણે છે તે પણ અધૂરું. પણ માનવબુદ્ધિની શક્તિ અમર્યાદ છે. એકાગ્રતાથી તે વધારી શકાય છે.

માનવપ્રેમ સ્વાર્થી અને માગણીઓથી ભરપૂર હોય છે. પ્રેમમાં પૂરેપૂરું સમર્પણ ભાગ્યે જ જોવા મળે છે, તેથી માનવ-સંબંધ ઉપર આધારિત વસ્તુ અસ્થાયી અને ક્ષણભંગુર રહેવાની જ. માનવતા પોતે જ મર્યાદિત હોવાથી મહાનમાં મહાન માનવને મર્યાદા પડે છે. માનવની અપેક્ષા એ હોય છે કે સત્ય તેની સેવા કરે, તે સત્યની નહિ. તેથી ઉત્ક્રાંતિનું અંતિમ ચરણ માનવતા નથી. ઉત્ક્રાંતિ આગળ વધશે જ. બીજા બોલે, તેથી ખોટું લાગતું હોય તો તમારું જીવન ભાગવત-પ્રભાવ તરફ પૂરેપૂરું ઢળેલું નથી એનો તે પુરાવો છે. પૃ.૨૯૭

૧૩ **વિચાર :** વિચારોનું મૂળ મનથી પણ વધારે ઊંડું છે. જેઓ ફક્ત વિચારોમાં

જ રમવા ટેવાએલા હોય છે તેમની પ્રગતિ વધારે રૂંધાય છે. દરેક વિચાર મગજમાં તરંગો, વલયો નિર્માણ કરે છે. સાકાર વિચારસૃષ્ટિની પાછળ એક આકારહીન વિચારોની સૃષ્ટિ છે. શબ્દો પાછળનું સત્ય જાણવા તમારે આ સૃષ્ટિમાં પ્રવેશવું પડે છે. વિચારોની સૃષ્ટિમાં બધું સાપેક્ષ હોય છે અર્થાત્ તુલનાત્મક કે વિશ્લેષણાત્મક રીતે તે વર્ણવેલ હોય છે. પૃ.૨૯૮

૧૪ **આદર્શ :** તમારો આદર્શ માનવજાતિના ઉચ્ચમાં ઉચ્ચ આદર્શને આંબવો જોઈએ. સાચો આદર્શ એટલે દરેક પદાર્થમાં પ્રભુને, તેની હાજરીને શોધી કાઢવી અને દરેક પરિસ્થિતિમાં તેનો આવિર્ભાવ કરવો. તેથી સાચી આદર્શ- અવસ્થા એ કહેવાય જેમાં પ્રત્યેક પળે પ્રભુ બાબત સભાન બની તેના આવિર્ભાવની પદ્ધતિની જાણકારી મેળવી. તે પ્રમાણે નિરંતર-આવિર્ભાવ કરતા રહેવું. આપણે પ્રત્યેક પળે આમાં અવરોધરૂપ તત્ત્વોને ટાળવાનો પ્રયત્ન કરતા રહેવું. પૃ.૨૯૮

૧૫ **ભારત :** ભારતમાં માનવજાતિની બધી જ મુશ્કેલીઓ કેન્દ્રિત થએલી છે અને તેને કારણે જ ભારત વધુ ઉચ્ચ અને સાચા જીવનના ઉત્થાનની ભૂમિ બની રહેવાની છે. ભારતની નિયતિ છે જગતને આધ્યાત્મિક-પ્રકાશ આપવાનો. તે બાબત આપણે સભાન બનવાનું છે અને તે વહેલું થાય માટે એકતા અને સંવાદિતાના માર્ગે આગળ વધવાનું છે. પૃ.૩૦૦

૧૬ **અંતર્બાહ્ય :** પ્રગતિનો આરંભ અંદરથી થાય છે. ત્યાં જરૂરી પૂર્ણતા આવતા જ તે બહાર પ્રગટ થાય છે. આમ, પ્રગતિની ગતિ અંદરથી બહારની હોય છે (સમજણની ગતિ બહારથી અંદરની હોય છે.) તેથી ભૌતિક-ઘટના એ માનસિક-ઘટનાના પરિણામસ્વરૂપ માનવી જોઈએ. જ્યારે તમે સત્ય-ચેતનામાં જીવો છો ત્યારે તમારે કામ કેવી રીતે કરવું એ સહજ રીતે આંતર-નિયમથી જાણી લો છો. પૃ.૩૦૧

૧૭ **અંતર્યામી :** જડતત્ત્વનો પ્રત્યેક અણુ પ્રભુના શાશ્વતીનું કોઈક તત્ત્વ ધારણ કરે છે. દરેક જણ પ્રભુને પોતાની અંદર અંતરાત્મા તરીકે વહન કરે છે અને આત્માની શાંતિમાં પ્રભુનો અવાજ પણ સાંભળે છે. છતાં મેં પ્રભુને

પૂરેપૂરા જાણ્યાં તેમ કહી શકાતું નથી, કારણ દરેકના અંતર્યામી પ્રભુ તે ભક્તની મર્યાદાઓ સ્વીકારીને જ પ્રગટ થાય છે. પૃ.૩૦૨

૧૮ **પૂર્ણસાક્ષાત્કાર :** વ્યક્તિમાં સહજરીતે નિરંતર-દિવ્યતા પ્રગટ થશે ત્યારે જ પૂર્ણ સાક્ષાત્કાર થયો એમ કહી શકાય. પૂર્ણ-સાક્ષાત્કારમાં માનવ તેના સ્વરૂપના બધાં ભાગો અને તેમની બધી જ પ્રવૃત્તિઓ મારફત ભગવાનને પ્રગટ કરે છે, તેની માગણી કરે છે, તેની અભીપ્સા સેવે છે.

પૂર્ણસાક્ષાત્કાર વગર પરિપૂર્ણ સત્તા પ્રાપ્ત થતી નથી. તેવી પૂર્ણતા પ્રાપ્ત કરવા આધ્યાત્મિક-સત્યોને મન, પ્રાણ, શરીરમાં ઉતારી લાવવા જોઇએ અને તેને આત્મસાત્ કરી સદ્રુપ બનવું જોઇએ. પૂર્ણયોગી માટે કશું જ નિરુપયોગી નથી, તેથી કોઇની અવગણના કરતો નથી. દરેકને જીવનમાં તેનું યોગ્ય સ્થાન આપે છે. પૃ.૩૦૨

પૂર્ણ સાક્ષાત્કાર માટે હંમેશા શ્રદ્ધાવાન અને ધૈર્યવાન બની રહો, તો જ તમારો સાક્ષાત્કાર આગળ વધશે. સાચો સાક્ષાત્કાર બાહ્ય પરિસ્થિતિ ઉપર આધાર રાખતો નથી. તે તેથી મુક્ત હોય છે. સત્ય તો તમારી અંદર છે પણ તેની માગણી કર્યા વગર તેનો સાક્ષાત્કાર થતો નથી. સાક્ષાત્કારની પ્રક્રિયામાં, દિવ્ય-પ્રકાશમાં આપણે સત્યને જોઇએ છીએ. દિવ્ય-જ્ઞાનમાં જાણીએ છીએ અને દિવ્ય-સંકલ્પથી દિવ્ય-શરીરમાં તેનો સાક્ષાત્કાર કરીએ છીએ. પૃ.૩૩૯

૧૯ **બુદ્ધિ :** તર્કબુદ્ધિથી સત્યનો સાક્ષાત્કાર થતો નથી. તેમાં તમારો આધાર ખોટા હોય તો નિષ્કર્ષ ખોટો જ આવશે. ભાગવત્-સંકલ્પને સાકાર કરનાર ચૈત્યપુરુષ આપણા સ્વરૂપનું અનુશાસન ન કરે ત્યાં સુધી બુદ્ધિના શાસનનો અંત લાવવો ન જોઇએ. પૃ.૩૪૦

૨૦ **મધ્યંતર સત્તા :** મનુષ્ય પોતે જે પોતે છે અને ભવિષ્યમાં થવાનું છે તે બે વચ્ચેની મધ્યાંતર સત્તા છે. પૃ.૩૦૨

# સાવિત્રી
- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

# અવક્રાંતિની પ્રક્રિયા અને તેનો હેતુ

પ્રકરણ-૧૪૧

(Savitri B-1, C-4, P-66-67)

The Absolute, the Perfect, the Alone
Has called out of the Silence his mute Force
Where she lay in the featureless and formless hush
Guarding from Time by her immobile sleep
The ineffable puissance of his solitude.

ચૈત્યપુરુષમાં વિશેષ પ્રકારનું આત્મ સ્વરૂપ ધારણ અને પ્રગટ કરવાની ક્ષમતા જરૂર છે, પણ તે પ્રભુનાં સંકેત અને આજ્ઞા સિવાય તેનો આવિર્ભાવ કરી શકતો નથી. પ્રભુ તો અંતિમ મૂળભૂત તત્ત્વ છે (Absolute) તે પૂર્ણ તત્ત્વ છે (Perfect) અને તે 'એકમ્ અદ્વિતિયમ્' (Alone) છે. તે જ્યારે સંકલ્પ કરીને પોતામાં રહેલાં આ અનંત ચૈત્યપુરુષરૂપી બીજરૂપ સત્યોને અર્થાત્ ઋતમ્‌ને પ્રગટ કરવાની ઈચ્છા કરે છે ત્યારે જ પછી આવિર્ભાવની પ્રક્રિયા શરૂ થાય છે. ત્યાં સુધી સમગ્ર ઈશ્વર તત્ત્વમાં એક પ્રકારથી સ્વલીનતા, સ્તબ્ધતા (Silence) હોય છે. તેમની ક્ષમતાઓ સુષુપ્ત સ્વરૂપની હોય છે. (mute Force) એવી અવસ્થામાં પ્રભુની નિજશક્તિ સ્વરૂપ પ્રકૃતિ પણ નિર્ગુણ (featureless) અને નિરાકાર (formless) જ હોય છે, તે નિષ્ક્રિય (hush) પણ હોય છે. તે જાણે નિષ્ક્રિયતાની ગાઢ નિદ્રામાં (immobile sleep) સરી પડેલી હોય છે અને તેને કારણે ત્યાં કાળ પ્રવેશી શકતો નથી. કાળનો અનુભવ કરવા કાંઈક હાલચાલ,

ક્રિયા, ફેરબદલની જરૂર પડે છે, જેથી કાળની ગતિ અનુભવાય. અહીં તેવું કાંઇ ન હોવાથી જાણે કાળ પણ અગતિક થઇને પડેલો હોય છે. જાણે પ્રકૃતિ પોતાની નિષ્ક્રિયતા દ્વારા પ્રભુની સ્વલીનતાને બચાવવા ન માગતી હોય !

આવી સ્થિતિ હોવા છતાં પ્રભુની સર્વજ્ઞતા અકબંધ હોય છે. તે જ્ઞાન સમજવું માનવ માટે મુશ્કેલ છે (ineffable) તેને પ્રાપ્ત કરવાની તો વાત જ નથી. આવી સ્વસભાનતા સ્વરૂપનું જ્ઞાન પ્રભુ ધરાવતા જ હોય છે, જેને 'ચિત્-સ્વરૂપ' કહે છે. આપણી સમજણ ખાતર કહી શકીએ કે તેઓ પોતાના ગહન એકાંત બાબત સભાન હતાં. (solitude)

હવે સ્થિતિ બદલાય છે. તે પરમ તત્ત્વે, તે પૂર્ણ તત્ત્વે, તે એક જ આદિ તત્ત્વે આવિર્ભાવ પામવાનો સંકલ્પ કર્યો. તેણે પોતાની ગહન શાંતિમાં રહીને જ પોતાના અનંત અસીમ વિસ્તાર બાબત સભાન બનવાનું શરૂ કર્યું. તેવા વિસ્તારની સભાનતાને જ આપણા શાસ્ત્રો 'અંતરીક્ષ' કહે છે (Space) 'અંતરીક્ષ' એટલે અંતરથી જ પોતાના વિસ્તારને નિહાળવું. (અંતર + ઈક્ષ) આપણે તેને 'સ્થળ' કહીએ છીએ. આ અંતરીક્ષમાં તેણે પોતાની દિવ્ય - પ્રકૃતિની મદદથી પોતાના એક અખંડ આત્મતત્ત્વમાંથી જ અનંત જીવાત્માઓ રૂપી વ્યક્તિ - આત્માઓને ઘડી કાઢ્યા. (countless persons) તે પોતે તે દરેક દ્વારા જીવન જીવતો હોય છે અને સાથે સાથે તેની દ્વારા જ તેણે જે પહેલાં નિરાકાર એકાંતમાં જીવ્યો છે તેનો પણ અનુભવ લેતો હોય છે. (Vast alone) તેમાનું સ્થળ કાળ બન્ને પોતે જ બની રહે છે. તેથી શ્રી અરવિંદ લખે છે :

The Absolute, the Perfect, the Alone
Has entered with his silence into space:
He has fashioned these countless persons of one self;
He lives in all, who lived in his Vast alone;
Space is himself and Time is only he.

હજી વ્યક્તિ - ચેતના વ્યક્તિ અને નિર્વૈયક્તિતાની સીમા ઉપર ઊભી હોય

છે પણ ધીમે ધીમે તેનો ઝોક વ્યક્તિતા તરફ વધતો જાય છે, તેથી શ્રી અરવિંદ લખે છે :

The Absolute, the Perfect, the Immune.
One who is in us as our secret self.
Our mask of imperfection has assumed.
He has made this tenement of flesh his own,
His image in the human measure cast
That to his divine measure we might rise;

પેલા મૂળતત્ત્વે, પેલાપૂર્ણ તત્ત્વે, પેલા નિર્લેપ તત્ત્વે, જેણે આપણા આ ભૌતિક સ્વરૂપમાં આંતરિક સત્ય ચેતના તરીકેનું સ્વરૂપ ધારણ કરેલ છે અને તે ચેતના આપણા બાહ્ય જીવનમાં હાલમાં અપ્રગટ જ હોવાથી ગુપ્ત ચેતના તરીકે ભાસે છે. (secret self) આપણું આ બાહ્ય સ્વરૂપ તો હજુ ઘણું જ અવિકસિત છે. (imperfection) છતાં આ હાડમાંસના મકાનમાં તેણે વાસ કરેલ છે અને તે પણ કાયમી સ્વરૂપે વાસ કરવાના સંકલ્પ સાથે કદાચ વચગાળામાં આવન-જાવન કરવી પડશે પણ અંતે કાયમી સ્વરૂપે સ્થાયી થવાનો તેનો ઈરાદો છે. તે માટે તે આ માનવી-શરીરને પોતાના વસવાટ રૂપ બનાવવા સતત પ્રયત્નશીલ છે, જેથી તેની જે અપેક્ષા છે કે આ ભૌતિક શરીર પણ દિવ્યતાનું સ્તર ધારણ કરે. સારાંશ, શરીરને દિવ્યતામાં સ્થાપિત કરવા તેણે ઉત્ક્રાંતિ દ્વારા પ્રયત્નો આદરી જ દીધેલાં છે.

Then in a figure of divinity
The Maker shall recast us and impose
A plan of godhead on the mortal's mould
Lifting our finite minds to his infinite.
Touching the moment with eternity.

ઉત્ક્રાંતિ એ અમુક કક્ષા પ્રાપ્ત કર્યાં પછી આપણા સર્જક પરમ પ્રભુ આપણા

સમગ્ર અપૂર્ણ સ્વરૂપને દિવ્ય સ્વરૂપમાં ઢાળવામાં યશસ્વી થશે અને ત્યારે આ મૃત્યુશીલ શરીરના ઢાળને દિવ્ય શરીરના ઢાળમાં ઢાળવાનું પોતાનું આયોજન અમલી કરશે. તે માટે પ્રથમ તેને આપણું તમોગ્રસ્ત મન જે સ્થળ-કાળના ક્ષેત્રમાં જ વિચરવા ટેવાએલું છે તેને સાધના માર્ગે લઇ જઇ અસીમ ચેતનામાં રહેતા કરવું પડશે. કારણ મન જ શરીર ઉપર શાસન ચલાવતું હોવાથી તેને દિવ્ય અને અસીમ કરીને જ શરીરના રૂપાંતરને સફળ બનાવવાનો માર્ગ કંડારવો પડશે. આ માટે મનને ઊર્ધ્વગામી કરીને ઊર્ધ્વ ચેતનામાં સ્થિર કરવું પડશે (Lifting) અને ક્ષણે ક્ષણે સભાન બનવા પ્રયત્ન કરતાં મનને સભાનતાનો સ્પર્શ તે ક્ષણ દ્વારા જ કરાવવો પડશે. આમ, મર્યાદામાં રાચનાર મનને અસીમતા ધારણ કરતા શીખવવું પડશે.

This transfiguration is earth's due to heaven:
A mutual debt binds man to the Supreme:
His nature we must put on as he put ours;
We are sons of God and must be even as he:
His human portion, we must grow divine.
Our life is a paradox with God for key.

રૂપાંતર કરવું એ ધરતીનું અર્થાત્ આ શરીરનું પ્રભુ પ્રત્યે ઋણ છે, કારણ પ્રભુએ તેને દિવ્ય કરવાનો સંકલ્પ તેના જન્મ સાથે જ કરેલો છે અને પ્રભુનો સંકલ્પ સત્ય જ હોવાથી તેને પૂરો કરવો એ શરીરનું જાણે ઋણ બની ગયું છે, તેણે પ્રભુનાં આ કાર્યમાં સહકાર આપવાની સંમતિ આપવાની છે. આ તો પરસ્પર ઋણ છે (mutual debt) પ્રભુએ પણ પોતાનું આયોજન સફળ કરી બતાડવાનું ઋણ ચૂકવવાનું જ છે અને તેથી જા પ્રભુએ માનવી પ્રકૃતિને ધારણ કરેલ છે તો તેને આપણે સાધના દ્વારા વિકસાવી દિવ્ય કરવાનું રહે છે. આપણું જીવન એક રીતે કોયડો જ છે. જન્મ્યા છીએ પણ જન્મનો હેતુ જ જાણતા નથી, આત્માસ્વરૂપે સર્વજ્ઞ હોવા છતાં અજ્ઞાની છીએ. આ કોયડાનો ઉકેલ એક જ રીતે થશે. આપણે પ્રભુ જેવા જ બની રહેવાનું રહેશે.

## યોગ વિષે પત્રો
- શ્રી અરવિંદ

# વૈશ્વિક - સત્ય અને વૈશ્વિક - અવિદ્યા

(ભાગ.૧, પૃ.૩૫૬-૫૫૮)

પ્રકરણ - ૧૭

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ કામના વગરનો પ્રાણ પણ હોઈ શકે છે. પૃ.૩૫૬

૨ પ્રાણમય-પુરુષમાં વિશ્વરૂપ-પ્રકૃતિ પ્રવેશ કરીને કામનાઓ ઉત્પન કરે છે અને વ્યક્તિગત-પ્રકૃતિ તરીકે પ્રત્યુત્તર આપે છે. પૃ.૩૫૬

૩ વ્યક્તિનું મન જ્યાં સુધી પોતાની વ્યક્તિતામાં પુરાયેલું હોય છે ત્યાં સુધી તે વૈશ્વિક-સંકલ્પનાં કાર્યને સમજી શકતું નથી. પૃ.૫૭

૪ જ્યારે માનવ વૈશ્વિક-ચેતનામાં પ્રવેશે છે ત્યારે જ તે કાર્ય કરતાં બળોને કઈ રીતે તેઓ કાર્ય કરે છે, કોના ઉપર તેઓ કાર્ય કરે છે તે જોઈ શકે છે. પૃ.૩૫૭

૫ એવી કોઈ અવિદ્યા નથી જે વૈશ્વિક અવિદ્યાનાં ભાગરૂપ ન હોય; વ્યક્તિમાં તે એક મર્યાદિત રચના અને ગતિ બને છે. પૃ.૩૫૭

૬ (વૈશ્વિક-અવિદ્યા) એવી નિમ્નપ્રકારની ગતિમાં પહોંચી છે જ્યાં સત્યની વિકૃતિ થયેલી છે. પૃ.૩૫૭

૭ વૈશ્વિક-સત્ય એક એવી વિશ્વરૂપ ચેતનાનું વિશ્વ વિશેનું દૃષ્ટિબિંદુ છે. જેમાં વસ્તુઓ તેમના મૂળ તત્ત્વમાં દેખાય છે અને તેમનો પરમાત્મા સાથેનો સાચો સંબંધ કેવો છે અને એકબીજા પ્રત્યે પણ કેવો સંબંધ છે તેને જાણે છે. પૃ.૩૫૭

૮ વૈશ્વિક સત્ય-વસ્તુઓની વિશ્વમાં હાલની અભિવ્યક્તિ છે. પૃ.૩૫૮

૯ દિવ્ય -સત્ય વિશ્વથી સ્વતંત્ર છે. પૃ.૩૫૮

૧૦ યોગીઓની અનુભૂતિઓ આધ્યાત્મિક અનુભૂતિ હોય છે. (આધ્યાત્મિક એટલે) શક્તિઓની લીલા, આત્માની સાથેનો સંબંધ..... વગેરેના

દેખાવની પાછળ રહેલી વાસ્તવિકતા.

* * * *

આવેગો, વાસનાઓ, ભાવનાઓનો જથ્થો એટલે પ્રાણ નથી. આ બધાંનો સદંતર અભાવ હોવા છતાં પ્રાણનું શુદ્ધ અસ્તિત્વ હોય છે. તે આત્મતત્ત્વની સ્વયં બાબતની સભાનતા સ્વરૂપ હોય છે. પોતાના શુદ્ધ અસ્તિત્વનો આનંદ ભોગવવો એ પ્રાણતત્ત્વની મૂળભૂત ખાસિયત છે.

વિશ્વપ્રકૃતિમાંથી આવતા વાસના, આવેગો કે ભાવનાનાં પ્રકાશમય તરંગો અથવા આંદોલનો વ્યક્તિનાં શાંત પ્રાણમાં હલચલ મચાવે છે. તે જ આપણે ભાવનાઓ કે વિકારો તરીકે અનુભવીએ છીએ. પણ આ સ્થિતિનું નિવારણ કરી શકાય છે. પ્રાણમયપુરુષ જો મજબૂત હોય તો તે દૃઢ નિર્ધારથી આવા બહારથી આવતા પ્રકાશમય આંદોલનોને પોતાના વિસ્તારમાં ખલેલ પાડ્યા વગર પસાર કરી દઈ શકે છે. પતંજલિ આને જ 'ચિત્તવૃત્તિ નિરોધ' તરીકે વર્ણવે છે. આ સ્થિતિ વ્યક્તિને નિર્લેપતા, અચલતા, અક્ષુબ્ધતા તરીકે અનુભવાય છે. આવી સ્થિતિમાં પ્રાણમયપુરુષની પોતાની પ્રાણમયપ્રકૃતિ શાંત થઈ જાય છે. પ્રાણમયપ્રકૃતિ ઊર્ધ્વમાંનાં દિવ્ય-આંદોલનો સ્વીકારી પોતાનું દિવ્ય - રૂપાંતર કરી શકે છે. આવી રીતે પ્રાણમયપરુષ પોતાની પ્રકૃતિને દિવ્ય બનાવી શકે છે.

પુરુષતત્ત્વ જે ચૈત્યપુરુષ, મનોમયપુરુષ, પ્રાણમયપુરુષ અથવા પાર્થિવપુરુષ તરીકે આપણી ચેતનાનાં જુદાં જુદાં સ્તરે પ્રગટ થયો છે, તેણે પોતાની આજુબાજુ પોતાને અનુરૂપ ચૈતસિક, મનોમય, પ્રાણમય કે સૂક્ષ્મ પાર્થિવ પ્રકૃતિનું ક્ષેત્ર અથવા પર્યાવરણ રચેલું હોય છે. તેને જ શાસ્ત્રો ક્રમશઃ વિજ્ઞાનમય કોષ, મનોમય કોષ, પ્રાણમયકોષ અને પાર્થિવકોષ (અન્નમયકોષ) વગેરે નામથી ઓળખે છે. જીવાત્માની પ્રકૃતિ આનંદમય હોય છે, તેથી તેના કોષને આનંદમય કોષ કહે છે.

પુરુષ - તત્ત્વમાં જન્મજાત આ સર્વ કોષોની બનેલી વ્યક્તિગત પ્રકૃતિ ઉપર અધ્યક્ષ અનુમંતા, કર્તા, ભોક્તા તરીકે કાર્ય કરવાની ક્ષમતા છે એમ ગીતા જણાવે છે. વિશ્વપ્રકૃતિમાંથી આવતાં આંદોલનો પુરુષતત્ત્વ પોતે જ લે છે. જેમ તે વધારે પ્રગટ અને સમર્થ બને છે તેમ તેમ તેનાં ઉપરોક્ત કાર્યો વધારે સ્પષ્ટ અને સ્વતંત્ર બનતાં જાય છે. જ્યાં સુધી તેની પ્રગતિ નબળી હોય યાં સુધી તે પ્રકૃતિના ગુલામ

તરીકેની છાપ ઉપસાવે છે.

રૂપાંતરથી દિવ્ય અથવા ઊર્ધ્વ - પ્રકૃતિ રચાતાં જ ઉપરનાં કામો પૂર્ણ રીતે, સક્ષમ રીતે પુરુષતત્ત્વ કરી શકે છે.

વ્યક્તિ જ્યાં સુધી પ્રકૃતિની ગુલામ છે ત્યાં સુધી તે પ્રભુના સંકલ્પને સમજી શકતી નથી, કારણ તેની દૃષ્ટિ પોતાની પ્રકૃતિનાં ધારાધોરણોથી જ રંગાયેલી અને રચેલી હોય છે. જ્યારે વ્યક્તિ વૈશ્વિકચેતનામાં પ્રવેશે છે અને એ રીતે અહંકારની સંકુચિતતા અને પ્રકૃતિની પકડમાંથી મુક્ત થાય છે ત્યારે જ તે પ્રભુનો સંકલ્પ સમજતો થાય છે અને સાથે સાથે પોતાની પ્રકૃતિ ઉપર કાર્ય કરતાં વૈશ્વિકઆત્મા, વૈશ્વિકમન, વૈશ્વિકપ્રાણ અને વૈશ્વિક-પાર્થિવતત્ત્વની ઝાંખી થવા માંડે છે. આ વૈશ્વિકચેતનામાંથી જ વિશ્વના સાચા સ્વરૂપનું દર્શન થાય છે. જેને વૈશ્વિકસત્ય કહી શકાય. તેનો પરમાત્મા સાથેનો સંબંધ પણ સ્પષ્ટ રીતે સમજાય છે, પણ આ વૈશ્વિકસત્યનો વૈશ્વિક અવિદ્યા પણ એક અંશ છે.

પ્રભુનાં એકમાત્ર રૂપમાંથી અનંત રૂપો કરવાનું દિવ્યકાર્ય તેને આપેલ છે, તે વૈશ્વિક - અવિદ્યાનો જ એક ફાંટો અથવા અંશ વ્યક્તિસ્વરૂપમાં પ્રવેશીને તેના લીધે જ અહંકાર રચાય છે અને વ્યક્તિચેતના તરીકે તે પ્રગટ થાય છે, જે ખરેખર તો પ્રભુનાં આવા અનંતરૂપોમાંનું એક રૂપ હોય છે. નીચે તે વિશ્વપ્રકૃતિ અને વિશ્વાત્મા સાથે જોડાયેલું જ રહે છે, પણ તેની તેને જાણ હોતી નથી. તેને તે પોતાના અવચેતન અને અચેતનના પ્રદેશ જેવો અભાન ખૂણો લાગે છે.

વૈશ્વિકસત્ય એ પણ પરમ ચેતના તો નથી જ. તે પરમાત્માની હાલની વૈશ્વિકસ્તરની અભિવ્યક્તિ સ્વરૂપ હોય છે. મૂળ પરમાત્મા અથવા દિવ્ય સત્ય તો આ વૈશ્વિક સત્યથી ઊર્ધ્વમાં સ્વતંત્ર રીતે બિરાજેલું છે.

યોગીઓને પોતાની અનુભૂતિમાં આ બધું સમજાતું હોય છે, તેથી જ તેને આધ્યાત્મિક અનુભૂતિ કહે છે. તેમાં યોગીને વૈશ્વિકશક્તિઓની ગતિવિધિઓ અને પરમ ચેતનાને વધુ સારી રીતે પ્રગટ કરવા કેવી રીતે મથી રહી છે તેનું જ્ઞાન હોય છે. તેના પોતાનાં પુરુષ અને પ્રકૃતિ પાછળ રહેલ સમગ્ર સત્યનો, વિશ્વાતીત સત્યનો પણ ખ્યાલ આવે છે. તેમાંથી જ જ્ઞાન, પ્રકાશ, શક્તિ, આનંદ પ્રગટ થતાં હોય છે.

# અતિમાનસિક દેવ

(ઉપનિષદો, પૃ.૧૧૭-૧૧૯)

1. The real being must deliver itself. It is driven to gaze inward into a new world of realities. P. 117
2. This is offered not an enlarged becoming but infinite being, the possession of our essential consciousness, luminous realities... the delight, Immorality. P. 117
3. The Upanishad makes it clear that it is no metaphyscial abstraction but the Absolute possessed by it in this relative world... growing light, consciousness and life. P. 117
4. We renounce ourselves in order to find our selves. P. 118
5. The Beyond is our reality. It is immortality and 'That Delight'. P. 118
6. Here is apparent man, there is the real man, the purusha. Here are gods there is the Divine. P. 118
7. It is the lord, the all possessing Deva... Isha arrives at it by the synthesis... kena by the antithesis of one. The conclusion is identical ie renunciation of separate being. P. 119
8. Isha addresses itself to the awakened seeker... kena to the soul still attracted by the external life. P. 119
9. It begins, therefore, with the Brahman as the self beyond

Mind... P. 119

10. The last too verses repeat in other terms of thought the Isha's docterine of the lord. P. 119

* * * *

જો સાચો સંચાલક પાછળ છુપાએલો છે તો તે એક વખત અંતે તો બહાર આવવો જ જોઈએ અને તેણે વ્યક્તિની બાહ્યદૃષ્ટિને બદલે આંતરદૃષ્ટિ કેળવીને આંતરિક જગતમાંનાં પ્રકાશમય સત્યો જાણવાં જ જોઈએ.

વ્યક્તિ બાહ્યજગતમાંનાં સુખોપભોગો ભોગવી આનંદ માણવાનો પ્રયત્ન કરતો હોય છે પરંતુ જગતની વસ્તુઓ કાયમ માટે તેના નિયંત્રણમાં રહેતી નથી, તેથી વ્યક્તિનો આનંદ ખંડિત થાય છે.

આના કરતાં વધુ આનંદ આપવાની ખાતરી અપાય તો જ તે નવી વસ્તુ સ્વીકારશે. કેન તેને તેવી જ પૂર્ણ આનંદની ખાતરી આપે છે પણ તે વસ્તુ ઉપનિષદ જણાવે છે તેમ કોઈ તત્ત્વજ્ઞાનની અમૂર્ત વસ્તુ નથી, પણ ખાતરીલાયક નક્કર વસ્તુ છે.

તે વ્યક્તિને અભ્યાસથી લાંબાગાળે વધારે વિકસાવવાની વાત નથી કરતો પણ તેને સીધેસીધા અસીમ તત્ત્વની પ્રાપ્તિ કરી આપવાની વાત કરે છે, એવી ચેતનાની પ્રાપ્તિની વાત કરે છે, જેમાં પ્રકાશમય સત્યો હોય, પૂર્ણ આનંદ હોય, સ્થાયી આનંદ હોય, અને સાથે સાથે પોતાની અમરતા, સનાતનતા પણ.

આ હાલના જીવનમાં જે ઢંકાયેલું છે તેને જ પ્રાપ્ત કરવાની આ વાત છે. અહીં જે અધૂરું છે તેને જ પૂર્ણ કરવાની એ વાત છે. તેમાં પોતાનો વિલય નથી પણ રૂપાંતર છે.

આપણે પોતાની સાચી જાત પ્રાપ્ત કરવા ખોટી જાતને ત્યાગીએ છીએ. અહીં આપણી ચેતના બાહ્ય ફેરફારોના આઘાતો સહીને બદલાતી હોય છે. ત્યાં તે સનાતન અને યથાવત્ રહે છે. અહીં વસ્તુઓ થોડાકાળ માટે મળે છે પછી પ્રયત્ન છતાં નથી ટકતી કારણ આપણે વસ્તુઓને પારકી, જુદી માનીએ છીએ.

(અનુ.પૃ.૪૦ ઉપર)

# વેદ-રહસ્ય

- શ્રી અરવિન્દ

# ચાર સમ્રાટો - (વરુણ, મિત્ર, ભગ, અર્યમા)

(વેદનું રહસ્ય ભા.૨, પૃ.૧૦૦-૧૧૭)

પ્રકરણ -૧૪

**સમજૂતી** - માનસિંહ ચાવડા

આ માટે ઉપાય શો ? એક જ ઉપાય છે, કૃતિને દિવ્ય કરવી, તેની જન્મજાત ક્ષમતાઓને વિકસાવવી. આને જ આપણે પ્રકૃતિને દિવ્ય-ઘાટ આપવો એમ કહીએ છીએ. પ્રકૃતિ જ્યારે પરમ - ચેતનાને સ્થાયીસ્વરૂપે સંપૂર્ણ પ્રતિબિંબિત કરવાની ક્ષમતા વિકસાવે છે, ત્યારે તે દિવ્ય બની ગયેલી હોય છે. તેમાં પરમ-ચેતનાની અમરતા, વિશાળતા, પ્રકાશમયતા, આનંદ, પ્રેમ, તુષ્ટિ છલકાતી હોય છે.

આવી રીતે પ્રકૃતિને દિવ્ય કરવી એ જ યજ્ઞની પ્રક્રિયા છે. તેમાં પ્રકૃતિ આત્મતત્ત્વનો આવિભાજ્ય અને સુસંવાદી ભાગ બની જાય છે. તેથી આ પ્રક્રિયાને 'અમૃતસ્ય કેતનમ્' (૧-૧૭૦-૪) અમરતા બાબતની સભાનતા કહે છે.

જેવી વૈશ્વિક શક્તિઓ છે. તે શક્તિઓના માનસિક, પ્રાણમય, પાર્થિવ બધાં જ સ્તરોએ દેવોનાં સ્વરૂપનાં જ ભાગ હોય છે અને તે જ શક્તિઓ માનવમાં પણ પ્રવેશીને તેની ક્ષમતાઓ તરીકે વિકસેલી હોય છે. તેથી દેવોના વૈશ્વિક અને માનવી એવાં બંને સ્વરૂપો હોય છે. ખરેખર, તે આત્મતત્ત્વની સચેતન શક્તિઓ રૂપ હોય છે.

આપણા વિશ્વને પણ તે જ રીતે ફક્ત ભૌતિક સમજવું એ ભૂલ છે. તેનાં પણ

પ્રાણમય, માનસિક અને આત્મિક સ્તરો છે. દેવોની હાજરી આપણને માનસશાસ્ત્રીય શક્તિઓ તરીકે થાય છે, પણ તેનું કારણ આપણે માનસિક સ્તર સુધી વિકસેલાં છીએ એ છે. આપણે પોતે અને દેવો પણ, જગત પણ તેથી પણ ઊર્ધ્વ કક્ષાએ વિસ્તરેલાં હોય છે. ભાવિ-ઉત્ક્રાંતિ તેમને પ્રગટ કરશે. તેથી વેદોમાં દેવોને 'માનુષાઃ નરાઃ' કહ્યાં છે. માનવી-શક્તિઓ કહી છે તે ઉપરની સાપેક્ષતાને કારણે જ.

દેવોને પ્રકાશમય ઋષિઓ કહ્યાં છે, કારણ તેઓ માનવને પોતાનું સત્ય શોધવામાં મદદરૂપ થાય છે. ઋષતે નો અર્થ છે શોધવું. તેમને 'વીરો' તરીકે પણ વર્ણવ્યા છે, કારણ તેઓ માનવને અશક્ય લાગતી તેની સમસ્યાઓનું નિરાકરણ કરી બતાડે છે. તેમને 'પ્રાચુર્યના સ્વામીઓ' તરીકે પણ વર્ણવવામાં આવે છે, કારણ તેઓ માનવી-ક્ષમતાઓ વિકસાવી તેને દૈવી-સંપત્તિનાઅધિકારી બનાવે છે. પણ તેમને માનવોને મદદ કરવા માનવો જેવા જ થઈને રહેવું પડે છે, તેથી તેમને 'મનુષ્યવત્' પણ કહ્યાં છે.

તેઓ માનવને મદદરૂપ થાય છે, કારણ તેમનું જ્ઞાન સત્ય અને વિશાળ હોય છે. તે ઋત્નું જ્ઞાન ધરાવે છે, કારણ તેઓમાં દર્શના, શ્રવણા વગેરે બધી જ દિવ્ય ક્ષમતાઓ જન્મજાત હોય છે. તેઓ ઋત્ના દૃષ્ટા અને શ્રોતા હોય છે. તેથી માનવ - પ્રકૃતિમાં રહેલી ગુપ્ત વક્રતાઓને તેઓ સહજ રીતે જોઈ અને સમજી શકે છે અને તેનો ઉપાય પણ બરાબર જાણે છે. આ રીતે તેઓ જગતના માનવીઓનો વિકાસ સાધે છે, તેથી તેમને 'વિશ્વનાં રહેવાસીઓનાં રાજા' ગણવામાં આવે છે. (નૃપતિ, વિશ્પતિ)

દેવો સતત પોતાની માતા અદિતિના સંપર્કમાં હોવાથી જ તેમનું દેવત્વ ટકી રહે છે. તેઓ અદિતિથી જુદા પડતા જ અસુર બનવાની પ્રક્રિયા શરૂ થાય છે. આવા શરૂઆતમાં દેવો હોયેલા અનેક લોકો પાછળથી અસુરો બની ગયાં છે. (પૂર્વે દેવાઃ) અદિતિ પણ પોતાનો કોઈ પુત્ર અસુર ન બને તેની પૂરેપૂરી કાળજી લે છે. તેથી વેદો જણાવે છે કે અદિતિ અન્ય માતાઓની જેમ સતત પોતાના બાળકો સાથે ચીટકીને બેસે છે.

દેવોની પ્રકૃતિ દિવ્ય હોવાથી તેઓ મરણાધિન નથી, પણ અમર છે. તેનું

કારણ એ છે કે તેઓ સતત ઋત્‌ને પોતામાં ધારણ કરી રાખે છે અને તે બાબતનું જ્ઞાન પણ ધરાવે છે. તેથી માનવોને માર્ગદર્શન આપતી વખતે તેઓ માનવ ઓછામાં ઓછાં સ્ખલનો કરે તે રીતે તેનો સાધનામાર્ગ ચાતરે છે. ખાડા - ટેકરાને આઘા રાખે છે. તેઓ માનવી - સ્વભાવનું શાસન કરી શકે છે. કારણ તેઓની માનસિક - શક્તિઓ સત્ય અને ઋત્‌ ઉપર આધારિત છે. તેઓ માનવોને પરમ ચેતનાની ઋતમ્‌ અવસ્થા જેને 'સ્વર' કહે છે ત્યાં લઈ જવા પ્રયત્ન કરતાં હોય છે. સ્વર્‌નો અર્થ છે આત્માનું પોતાનું રહેઠાણ. તે પોતાના ઘરે પાછો જવા માગે છે. સ્વર્‌નો અર્થ પુરાણકાળ દરમિયાન ઈન્દ્રલોક થયો. તે અર્થમાં વેદોમાં 'સ્વર્‌' શબ્દ વપરાયો નથી.

દેવો માનવી ચેતનાને જ્યારે એટલે હદ સુધી વિકસાવીને દિવ્ય કરે છે કે તે ચેતના સત્‌-ચિત્‌-આનંદસ્વરૂપ પ્રભુનાં આ ત્રણે પાસાંને પૂર્ણ રીતે પોતામાં પ્રતિબિંબિત કરી શકે અને તેમના જેવું સ્વરૂપ પોતે ધારણ કરી શકે. આને જ સારુપ્ય અને સાલોક્ય મુક્તિ કહે છે.

પ્રભુનાં ત્રણે પાસાંઓને 'ત્રિધાતુ' કહે છે, કારણ તે ત્રણે પરમ ચેતનાને ધારણ કરી રાખે છે.

જે ધારણ કરે તેને જ 'ધાતુ' કહે છે. દેવોએ આ ત્રિધાતુને પોતામાં ધારણ કરી રાખેલાં છે, કારણ ત્રણે અવિભાજ્ય છે; સાથે જ રહે છે. તે બધાંને પ્રકાશિત કરે છે. તેમનું કાર્ય પણ એક જ છે. ઋત્‌ને માનવમાં સ્થાપન કરવું અને પૂર્ણ રીતે પ્રગટાવવું.

આપણે આ દેવોમાં વરુણ પ્રથમ અને મહત્ત્વપૂર્ણ છે. કારણ તેના દિવ્ય કાર્યના આધારે જ અન્ય દેવોનાં કાર્યો આગળ વધે છે. તે ચેતનાની વિશાળતા આપે છે. આ વિશાળતા અહંકારની સંકુચિતતા નષ્ટ કરી નાખે છે, તેથી અહંકાર જ નબળો પડતો જાય છે. આ સ્થિતિ અન્ય દેવોના કાર્યને સુકર બનાવે છે, પણ આ સમગ્ર પ્રક્રિયા અને વિકાસનું શિખર છે ભગનું કાર્ય. તે જ દિવ્યાનંદને પ્રગટાવે છે. આનંદ એ જ પરમ ચેતનાનું સારભૂત તત્ત્વ છે. જગતની રચના પ્રભુના અવ્યક્ત આનંદને પ્રગટ કરવા જ થઈ છે.

# શ્રી અરવિન્દ : પોતા વિષે

- શ્રી અરવિન્દ

# અતિમનસનું કાર્ય

પ્રકરણ - ૩૯

(પૃ.૧૬૨-૧૬૬)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1 That seems to be the human minds position ' that only what is earthy is solid, what is high must be misty and unreal. P. 162

2 I only told him I had got the formula of solution for the difficulty that had been holding me up since last November and I am working on it out. P.162

3 The supramental is simply the direct self-existent Truth-Consciousness and the self-effective Truth Power. P. 163

4 As for calm and silence, there is no need of the supramental to get that. One can get it even on the level of higher Mind which is next above the human intelligence. P. 163

5 The Supermind is by definition a greater dynamic activity than mind or Overmind. P. 163

6 What is not true is not supramental; I will add that what is ineffective is not supramental. P. 163

7 I have not told... that I have taken complete possession of the supramental... I only admit to be very near to it. P. 163

8 The present business is to bring down and establish the supermind, not to explain it. P. 164

9 To understand the (Nature of Supermind) that is not altogether possible for mind so long as it does not open to the higher planes. P. 164

10 Is there any essential difference between one happening which you simply forsee and one happening which you consciously direct ? P. 164

11 The true way to enter into these things is to still the mind and open to the consciousness from which things are done. Then you would first have a direct experience of the way the divine consciousness acts on different planes and secondly, a light of knowledge about experience. This is only true way. P. 165

12 As for what is happening in the world, it does not upset me because I knew all along that things would happen in that fasion. P. 165

13 Life is marked by tensions succeeded by flowerings. P. 166

14 I am not trying to change the world all at once but only to bring down centrally something into it. It has not yet, a new consciousness and power. P. 166

માનવ - મનને ભૌતિક વસ્તુ જ વાસ્તવિક લાગે છે, ભૌતિક જીવન જ વાસ્તવિક લાગે છે. અન્ય કક્ષાની બધી વસ્તુઓ અને જીવન તેને ધુમ્મસછાયી અને અવાસ્તવિક જ લાગે છે. તેથી શ્રી અરવિન્દ સાધનામાં જે મુશ્કેલીઓ વાસ્તવિક અનુભવી રહ્યાં હતાં તે બાબત બીજાઓને સમજણ અને ગંભીરતા તેટલી જણાતી નથી.

શ્રી અરવિન્દ મનોમય ચેતના અને પ્રાણમય ચેતનામાંથી પાર્થિવ ચેતનામાં પોતાની સાધનાનું ક્ષેત્ર ઉતારવા માગતા હતાં, પણ મનોમય અને પ્રાણમય ચેતનાનું પૂરેપૂરું રૂપાંતર કરીને જ પછી નીચે જવાનો શ્રી અરવિન્દનો વિચાર હતો. પણ તે મુજબ મનોમય અને પ્રાણમય ચેતનાને ફરી ફરી દિવ્ય અને શુદ્ધ કરવા છતાં તે ફરી પોતાની જૂની ઘરેડમાં જ જીવવા માંડતી હતી. ગત નવેમ્બરથી (નવે.૧૯૩૪) તેમને આ પ્રશ્ન ઉકેલાતો નહોતો.

શ્રી માતાજી સાથે ચર્ચા કરતાં કરતાં માતાજીએ જણાવ્યું કે ખરેખર તો જ્યાં સુધી અવચેતન અને અચેતન ભૌતિક ચેતનામાં કાર્ય કરી રહ્યાં છે ત્યાં સુધી મન અને પ્રાણ ઉપર તે પોતાનો પ્રભાવ નાખીને તેમને અશુદ્ધ કરશે જ, તેથી વ્યવહારુ ઉકેલ એ છે કે મન પ્રાણને થોડાઘણા પૂરતા પ્રમાણમાં રૂપાંતર કરીને ઊર્ધ્વમાંનો થોડોઘણો દિવ્ય - પ્રકાશ નીચે લાવી શકાતો હોય તો તેમને નીચે લાવી તેમની મદદથી ભૌતિક ચેતનાના રૂપાંતર માટેનો પ્રયત્ન આદરી દેવો જ યોગ્ય થશે. ઉપરનો ઉઘાડ કાયમ ટકાવી રાખવાની તકેદારી રાખવી. આથી તેને કારણે જેમ જેમ અવચેતન અને અચેતન ઉપર આપણે નિયંત્રણ લાવશું તેમ તેમ મન-પ્રાણના રૂપાંતરમાં પડતી ખલેલો બંધ પડતી જશે અને તેમનું પણ રૂપાંતર આગળ વધશે.

શ્રી અરવિન્દને આ વિચાર માન્ય થયો અને તેમણે ઑગસ્ટ ૧૯૩૫થી પોતાની સાધના આ રીતે આગળ વધારવાનો નિર્ણય લીધો.

અતિમનસ શું છે તે બાબત ચોખવટ કરીને શ્રી અરવિન્દ આ તબક્કે સમય બગાડવા માગતા નથી. હાલના તબક્કે અતિમનસ એટલે સ્વયં સિદ્ધ સત્ય ચેતના છે એટલું જ સમજી લો, તો આ તબક્કે ચાલે એવું છે. સ્વયંસિદ્ધનો અર્થ તેને સાધનાથી રૂપાંતર કરવાની જરૂર નથી પણ પહેલેથી જ તે દિવ્ય અને સર્વાંગપૂર્ણ ચેતના છે એવો અર્થ થાય છે અને સત્ય ચેતના એટલે તે ચેતનામાં આત્મતત્ત્વના મૂળ સ્વભાવની સર્વ વિશેષતાઓ પૂર્ણરૂપે પ્રગટ થતી હોય છે, વાસ્તવિક બનેલી હોય છે એવી ચેતના.

શાંતિ અને નીરવતા એ આ સાધનામાં પ્રાથમિક શરત હોવા છતાં તે નિમ્ન કક્ષાની અવસ્થા છે. શાંતિમાં તમારી ચેતનામાં સંવાદમયતા રહે છે અને તે સક્રિય

અવસ્થામાં પણ સ્પષ્ટ અનુભવાય છે. દરેક કાર્ય તમે ખૂબ જ એકાગ્રતાપૂર્વક આનંદથી કરી શકો છો તેને શાંતિ કહે છે. નીરવતામાં તમારા મનની યાંત્રિક પ્રક્રિયાઓ બંધ પાડી દેવામાં આવેલી હોય છે. મન એક વિશાળ કોરા પડદા જેવું બની જાય છે જેમાં એકે વિચાર આવીને પોતાનો ઘોંઘાટ (રવ) મચાવતો નથી (ની).

આ બંને અવસ્થા લગભગ સાથે સાથે જોવા મળે છે અને ચેતનાનું તેવું સ્તર માનવી - બુદ્ધિની કક્ષાની ઉપરની બાજુ તેની લગોલગ આવેલું છે. તેને ઊર્ધ્વમન કહેવામાં આવે છે. ઊર્ધ્વમન એ બુદ્ધિથી ઉપરનો સીમાપ્રદેશ છે, જેમાં બૌદ્ધિક - આદર્શો અને કલા સૌંદર્યનો પ્રદેશ છે ત્યાંથી જ પ્રેરણા નીચે અવતરણ પામી આપણી સમજણમાં (બુદ્ધિમાં) ઝબકારા સાથે પ્રગટ થાય છે.

શ્રી અરવિન્દને લેલેના સાંનિધ્યમાં ૧૯૦૮માં જ ૨૭ વર્ષ પહેલાં જ આ સિદ્ધિ પ્રાપ્ત થયેલ હતી.

અતિમનસમાં તો દિવ્ય કાર્યો થતાં હોય છે. તેની સક્રિયતા મન અને અધિમનસની પ્રવૃત્તિ કરતાં ઊર્ધ્વકક્ષાની, વધારે દિવ્ય અને વધુ સત્યને ધારણ કરનારી હોય છે. નીચેનાં સ્તરોમાં સત્યનું પ્રમાણ ઘટતું જાય છે. જ્યાં પૂર્ણ સત્ય નથી ત્યાં અતિમનસ નથી હોતું. સત્ય એટલે આત્મતત્ત્વની વાસ્તવિક ક્ષમતાઓ. તે સદા પ્રભાવશાળી જ હોય છે, તેથી એમ પણ કહી શકાય કે જે સત્યને પ્રગટ કરવામાં પરિણામ શૂન્ય હોય તે અતિમનસ ન કહેવાય.

આ જે અતિમનસની વાત છે તેને શ્રી અરવિન્દ હજી મેળવી શકેલા નહોતાં પણ તેના લગોલગના પ્રદેશમાં (અધિમનસમાં - ૧૯૨૪થી જ) સ્થિર હતાં.

હાલના તબક્કે તો અતિમનસને પ્રાપ્ત કરીને તેને નીચે ભૌતિક કક્ષામાં કેવી રીતે અવતરણ કરાવવું એ જ પ્રશ્ન છે. અતિમનસની સમજણ અતિમનસ જ અનુભવથી પોતે જ આપશે એમ સમજીને જ સંતોષ માનવાનો. તેથી બૌદ્ધિક ચર્ચા કરવાનો કોઈ અર્થ સરતો નથી.

જ્યાં સુધી મન પ્રકાશમય મનમાં સ્થિર થઈને ઉપરનો ઉઘાડ ન અનુભવી શકે ત્યાં સુધી તેની ઝાંખી કરવી પણ શક્ય નથી.

(અનુ.પૃ.૪૨ ઉપર)

## યોગ પર દીપ્તિઓ -શ્રી અરવિન્દ

અવતરણો

(ભાગ-૧, પ્રકરણ ૩ પર આધારિત)

પ્રકરણ - ૪૪

# અંતરાત્માને રૂંધી નાંખનારા ધુમાડાઓ

**સમજૂતી – કમલેશ માંડવિયા**

- .....સાધક..... પ્રાણના હેતુઓના મિશ્રણને દૂર કરી શકે..... ભગવતી માંને સરલ અને સાચા દિલનું સમર્પણ કરવાને શક્તિમાન થાય છે ત્યારે તેનો અંતરાત્મા પ્રભુ પ્રત્યે પૂરેપૂરો ખુલ્લો થઈ શકે છે. પૃ.૪૦
- ..... દિલની સચ્ચાઈ ન હોય..... આધ્યાત્મિક કે બીજા પ્રકારની જાતે મોટા થવાની ઈચ્છાને, અભિમાનને..... યોગશક્તિની મદદથી કામનાને સંતોષવા માટે આગ્રહ કરવામાં આવે તો સાધકનો અંતરાત્મા પ્રભુ પ્રત્યે ખુલ્લો થઈ શકતો નથી. પૃ.૪૦-૪૧
- પ્રાણના રૂંધી નાંખનાર ધુમાડામાં અંતરાત્માની અગ્નિશિખા હોલવાઈ જાય છે. પૃ.૪૧
- વળી.... બુદ્ધિ આગળ પડતો ભાગ લે અને અંતરાત્માને પાછળ રાખે..... તો પણ ઉપર જણાવી તેવી જ નિષ્ફળતા મળે છે. પૃ.૪૧
- વિશુદ્ધિ, સરળતાથી દિલની સચ્ચાઈ..... કેવળ નિર્ભેળ, અહંતા વિનાનું સમર્પણ કરવાની શક્તિ..... અંતરાત્મા સંપૂર્ણપણે ખુલ્લો થાય તે માટેની આવશ્યક શરતો ગણી શકાય. પૃ.૪૧

* * *

સાધકને અંતરાત્મા સાથે ભેટો થવામાં જે અડચણો આવે છે તે માટે શ્રી અરવિન્દ સમજાવી રહ્યા છે.

સામાન્યતઃ સાધનાની શરૂઆત એક માત્ર ઉપરછલ્લી જીજ્ઞાસાથી થતી હોય છે. મનુષ્ય યોગ તરફ વળે છે કારણ કે તેને એક પ્રકારનું સુખ, શાંતિ જોઈએ છે, અને આ સુખ શાંતિ તે પોતાના દુન્વયી જીવનને આધારે નક્કી કરતો હોય છે. આ પ્રકારની સાધનાની શરૂઆત લગભગ સૌ સાધકોની હોય છે. એક જિજ્ઞાસા, એક કુતૂહલ, દુઃખ અને દર્દથી ભરેલી આ દુનિયામાં એક શાંતિની ઝંખના - આ જ એક પ્રકારના ખ્યાલોથી સામાન્ય મનુષ્ય યોગ તરફ વળે છે. આ પ્રાથમિક છબી અને પૂર્વ-જન્મના સંસ્કારો તેને સાધનાના ઉતરાર્ધભાગમાં પણ ખૂબ જ નડતરરૂપ બને છે.

શરૂઆતમાં થોડીક અનુભૂતિઓ આવતા જ પ્રાણ પોતાનો 'હક્ક' જમાવવા માંડે છે. અને પોતે એક ગંભીર અને મહાન સાધક છે, શક્તિઓ તેની પાસે છે. આ પ્રકારના ભ્રમ નિર્માણ કરવા લાગે છે. સાધકને ખ્યાલ પણ નથી હોતો કે આ તો પ્રાણની રમત છે. તે એક પ્રકારની અહંકાર પ્રેરિત યોગ-સાધનામાં સરી પડે છે. બાહ્યિક રીતે તો ગુરુ કે સંત કે પ્રભુના શરણમાં જ હોય છે. દેખાવ પૂરતો દરેક કાર્ય કે ક્રિયાઓમાં ભાગ લેતો હોય છે. પરંતુ પાછલા બારણેથી પ્રાણ પોતાની શરતો અને ઈચ્છાઓ જ તૃપ્ત કરતો હોય છે. સાધક પોતાને અમુક ગુરુ કે સંતનો ખાસ શિષ્ય કે જમણો - હાથ ગણાવતો હોય છે, જાણે તે એક જ વિશિષ્ટ રીતે કૃપાને પાત્ર છે તેમ ખપાવતો હોય છે. આ બાહ્યાડંબરની નીચે તે પોતાના પ્રાણની માંગણીઓ સંતોષતો હોય છે. તેની વાસનાઓને પોષતો હોય છે. આ પ્રકારની સાધનામાં અંતરનો માંહ્યલો ક્યાંય દબાઈ જાય છે. અને આ કારણે ચૈત્ય - પુરુષ બાહ્ય જીવનમાં પ્રભાવ પાડી શકતો નથી. સાધકનો અંતરાત્મા પ્રભુ પ્રત્યે પૂરેપૂરો ખુલ્લો થઈ શકતો નથી.

આ જ પ્રકારે મન પણ સાધક પર હાવી હોય છે. તે પણ પોતાના માનસિક આદર્શો અને વિચારોમાં રાચીને અંતરાત્માને ક્યાંયે જીવનમાં પ્રગટ થવાનો

મોકો જ આપતું નથી. આવા સંજોગોમાં બુદ્ધિ સાધનાનું સુકાન પોતાના હાથમાં લે છે અને સાધક એક પ્રકારની માનસિક અહંકારવૃતિમાં સરી પડે છે. સાધનામાંની ભક્તિ, એક મીઠાશ અને સુંદર - સરળતા ક્યાંયે ચાલ્યા જાય છે. એક પ્રકારની નીરસ અને શુષ્ક સાધના ચાલતી હોય છે અને તે પણ અભિમાન અને અહંકાર પ્રેરિત. આ સંજોગોમાં પણ ચૈત્યપુરુષનો સંપર્ક થતો નથી અને બાહ્યજીવન એમનું એમ જ ચાલ્યે રાખે છે. મન અને પ્રાણની આ પ્રકારની ગતિવિધિઓને શ્રી અરવિન્દ અંતરાત્માની અગ્નિશિખાને હોલવી નાંખનાર ધુમાડા સાથે સરખાવે છે. જેમ વાદળાંઓ સૂર્યને ઢાંકી દે છે તે જ પ્રકારની સ્થિતિમાંથી સાધક પસાર થતો હોય છે, અજાણરીતે, અભાનરીતે.

પરંતુ આવી ધુમ્ર-છાયી સ્થિતિ હંમેશા રહેતી નથી. જો સાધક સાચું વલણ અપનાવે તો. સાધકે પોતાનામાં એક પ્રકારની વિશુદ્ધિ (Purity), દિલની સચ્ચાઈ (Sincerity) અને સરળતા (Simplicity)થી ભરેલું અર્હનિશ સમર્પણ બનાવી લાવે તો માં ભગવતી તો હાજર જ છે. બસ, આ પ્રકારના વલણ માત્રથી સાધકમાં એક પ્રકારની શુદ્ધ અને નિર્ભેળ અભીપ્સા જાગે છે જે અંતરાત્માના મિલન માટે માર્ગ મોકળો કરી આપે છે. ભક્તિ, વિશાળતા, શુદ્ધિ, આનંદ અને પ્રેમ - ભાવમાં પ્રાણ તરબોળ બની જાય છે અને મન પણ વિશાલ, શાંત, નિશ્ચલ, પ્રકાશિત એવી પ્રભુની નીક બની જાય છે. અંતરાત્મા બાહ્યજીવનમાં પણ પોતાના પગરવ સંભળાવે છે અને ધીરે ધીરે સાધકને પોતાના જીવનમાં પ્રગટ થતો અને કાર્ય કરતો જીવંત અનુભવાય છે. પ્રભુના કરણ બનવાનું આ પ્રથમ ચરણ બની રહે છે.

શ્રી અરવિન્દ કહે છે :

There is no greater pride and glory than to be a perfect instrument of the Master.

અને, શ્રી માતાજી કહે છે :

Let your highest aspiration organise your life.

# દેવોનાં સ્વરૂપો

(૨૬-૬-૨૬, ૧૩-૭-૨૬) (પૃ.૨૦૬-૨૨૩)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

શિષ્ય : તે કયા પ્રકારની નક્કરતા છે ? વેદોમાં કહ્યું છે કે અગ્નિ પ્રકાશ કરતાં વિશાળ છે. પ્રકાશ અનેક પ્રકાશવર્ષો પ્રવાસ કરતો વિશાળ ક્ષેત્રમાં પ્રવાસ કરતો જ હોય છે. અર્થાત્ અગ્નિ અસીમ છે અને તે શીર કરતા પણ નક્કર છે. અર્થાત્ તેની નક્કરતાનો અનુભવ શરીરની નક્કરતા જેટલો જ ખાતરીલાયક છે. તેમ શક્તિ પણ રૂપ વગરની હોવા છતાં નક્કરતો છે જ.

શિષ્ય : ભારતની સામૂહિક ચેતનાને આપણે ભારત માતા કહીએ છીએ. શું તે દેવતા છે ?

શ્રી અરવિન્દ : હા, પણ તે પરામાનસિક નથી. માનસિક અને પ્રાણમય છે. તે ભગવાનનું એક સમૂહરૂપ છે.

શિષ્ય : તે કયા પ્રકારનું છે ? તેના લક્ષણો શું ?

શ્રી અરવિન્દ : તે રાષ્ટ્રનાં લક્ષણો જ ધરાવે છે.

શિષ્ય : સામૂહિક વ્યક્તિત્વને વિકસાવવા વ્યક્તિએ સમૂહ સાથે એકરૂપતા સાધવી પડે ?

શ્રી અરવિન્દ : વ્યક્તિ અને સમૂહ (સમષ્ટિ) પરસ્પરાવલંબી છે વ્યક્તિને વ્યક્તિત્વ સમૂહ આપે છે અને સમૂહને વ્યક્તિત્વ વ્યક્તિ.

**********

(૨૬ નવેમ્બર ૧૯૨૪ પહેલા જ સાંજના વાર્તાલાપમાં 'દેવોની કક્ષા' વિષે વાત થએલી તેનો સાર)

એક પરાત્પર અવર્ણનીય સત્તા છે (તદ્) તે પોતાને નીચે સત્-ચિત્ - આનંદ તરીકે પ્રગટ કરે છે. આ તત્માં બધું જ આવી જાય છે. વિશ્વાતીત વસ્તુઓ, વિશ્વરૂપ વસ્તુઓ અને વ્યક્તિસ્વરૂપ વસ્તુઓ. તેની બહાર કાંઈ જ નથી.

તે તત્ જ અસ્તિત્વ (સત્) ચેતના (ચિત્) અને આનંદ (ચેતનાનો પોતાનો અનુભવ) આ ત્રણ સ્વરૂપે પ્રગટ થાય છે ત્યારે તે તત્ અનુભવે છે કે હું આનંદમય ચેતના છું.

તેમાંથી પછી અતિમનસ સાથે ચાર ભગવતી રૂપો પ્રગટ થાય છે. આવિર્ભાવનું જ્ઞાન ધરાવતું પાસું (માહેશ્વરી) આવિર્ભાવના અવરોધો હઠાવતું પાસું (મહાકાળી) આવિર્ભાવને પોષણ આપતું પાસું (મહાલક્ષ્મી) અને આવિર્ભાવને સંપૂર્ણતા બક્ષતું પાસું (મહાસરસ્વતી) આ બધા મૂળ એકતા બાબત પૂર્ણ સભાન હોય છે.

પછી આવે છે, અધિમનસ જે મનોમય કક્ષાનું વિભાજન થવાથી મા ભગવતી વિવિધ દેવોને પોતાનાં રૂપોમાંથી પ્રગટ કરે છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ આ તેના રૂપો છે. તેઓ જગતના આવિર્ભાવનો દોરી સંચાર કરે છે. આની સાથે બીજા અનંત દેવસ્વરૂપો પ્રગટ થાય છે જે વિશ્વના સંચાલનમાં મદદરૂપ થનારા વિશ્વદેવો હોય છે. આ તબક્કે એકતા પાર્શ્વભૂમિમાં ચાલી જાય છે. ભિન્નતા આગળ પડતી હોય છે. દેવો અને અસુરો આ કક્ષાએ નિર્માણ થાય છે. બન્ને વિશ્વનાં સંચાલનમાં મદદ કરે છે, પણ જુદી જુદી રીતે. આ જગત ચૈત્ય જગતથી ઊર્ધ્વમાં હોય છે.

આ પછી ઉત્ક્રાંત થતું જગત આવે છે દા.ત. ચૈતસિક જગત. આના નીચે અવતારો આવે છે. તેઓ ઉત્ક્રાંતિનો નવો તબક્કો રચે છે. વિભૂતિઓ નવા રચાએલાં તબક્કાને પૂર્ણતા બક્ષે છે. ચૈતસિક જગતના ઊર્ધ્વમાં જીવાત્માઓ વસે છે.

ચૈતસિક કક્ષાએ જીવાત્મા પોતાનાં આવિર્ભાવ કેન્દ્રો રચે છે જેમને ચૈત્યપુરુષ અથવા જીવ કહેવાય છે તેને જીવાત્મા પ્રેરણા અને પ્રકાશ પૂરો પાડે છે અને દેવો શક્તિ અને ઘાટ. જીવાત્માએ તે ચૈત્યપુરુષના ઉત્ક્રાંતિનો સંકલ્પ ધારણ કરી રાખેલો હોય છે. તેમાંથી જ પ્રેરણાનાં આંદોલનો પ્રગટતાં હોય છે. ચૈત્યપુરુષનું પ્રકાશમય સ્વરૂપ દિવ્યપ્રકૃતિનું બનેલું હોય છે.

આની નીચે મનોમય, પ્રાણમય, સૂક્ષ્મપાર્થિવ અને ભૌતિક સ્તરો છે, જે અદિવ્ય પ્રકૃતિમાંથી બનેલાં છે. ચૈત્યપુરુષ પોતાની પ્રેરણાનુસાર આ વિશ્વોમાંથી અણુઓ લઈ પોતાનાં સૂક્ષ્મ અને સ્થૂળ શરીરો રચે છે. તે પ્રેરણાનુસાર વિકાસ સાધવા દેવો ઘટનાક્રમ ગોઠવે છે. ચૈત્યપુરુષ પોતે વિકાસનો પ્રયત્ન આદરે છે.

દેવજગતમાંના દેવો પોતે સ્વૈચ્છિક રૂપ ધારણ કરીને અવતાર તરીકે આવે છે અને ઉત્ક્રાંતિનો નવો તબક્કો રચે છે. વિભૂતિઓ આવે છે તે નવરચિત તબક્કાને વિકસાવે છે. આને કારણે જે સામૂહિક મદદરૂપ વાતાવરણ બંધાય છે તેનો ફાયદો લઈ ચૈત્યપુરુષ વિકાસ સાધે છે.

ઘણી વખત કોઈ યોગ્ય વ્યક્તિને દેવો કરણ તરીકે પસંદ કરી તેની મારફત કામ કરે છે. અવતાર લેતા નથી. એક્ષ બાબત આ જ થએલું. પણ તેને પોતે અવતાર હોવાની અહંમન્ય ધુન ચડતા તે ઘટના વિખેરાઈ ગઈ.

અસુરો પણ આ રીતે જ કાર્ય કરતા હોય છે.

શ્રી અરવિન્દ અતિમનસના અવતરણની (વિજ્ઞાનમય - ચેતનાની) ભૂમિકા બાંધવાનું અવતારી કાર્ય કરવા આવેલાં છે. તેને સંમતિ આપતી અનુરૂપ સાધના કરવી એ આપણું કર્તવ્ય છે.

અતિમનસ જ્યાં તેને માર્ગ જડે છે ત્યાં ધસી આવે છે. અવરોધ થતાં હઠી જાય છે. આ પ્રક્રિયાથી ધીમે ધીમે સમગ્ર માનવ જાતને તૈયાર કર્યા પછી તે કાયમી સ્વરૂપે આવીને સ્થિર થશે ૨૯ ફેબ્રુ ૧૦૫૬ના રોજ તેણે સૂક્ષ્મપાર્થિવમાં કાયમી ઉતરાણ કર્યું છે.

શિષ્ય : શું દેવોનું જગત અવતીર્ણ થશે જ?

શ્રી અરવિન્દ : અવરોધો નિર્માણ ન કરવા મદદરૂપ થવું. આપણે મૌનમાં રહીને જ કાર્ય કરવાનું હોય છે. દા.ત. હું 'આર્ય' દ્વારા લોકોને સાચી સમજણ આપી તેમની અનુકૂળ મનોભૂમિકા તૈયાર કરી રહ્યો છું.

શિષ્ય : અવતરણ વખતે તે શક્તિ વિનાશની દરકાર કરતી નથી એ સાચું છે? તો પછી આપણે શું કરવું?

શ્રી અરવિન્દ : શ્રેષ્ઠ વસ્તુ છે માહેશ્વરી અને મહાસરસ્વતીની પ્રેરણાથી કાર્ય કરવું. પણ પાશ્વભૂમિમાં ચારે સ્વરૂપની સંવાદિતા સ્થાપવી.

શિષ્ય : અતિમનસનો માનવજાતિને શું ઉપયોગ?

શ્રી અરવિન્દ : તેના અવતરણથી જ તે વસ્તુ સમજાશે, હમણાં નહિ.

- માનસિંહ ચાવડા

# વૈદિક દેવો

## ઉષા - ભગ

પ્રકરણ - ૧૩

જ્યારે નિરાકાર ચેતનાનો પ્રકાશ પ્રજ્ઞા તરીકે વ્યક્તિની ચેતનામાં પ્રગટ થવા લાગે છે. ત્યારે તેને ઉષા અથવા ઉષસ્ કહેવામાં આવે છે તે પ્રજ્ઞાશક્તિનો ઉદય હોય છે. તે પ્રકાશ, આનંદ પ્રગટાવે છે તેથી ઉષા અને આધ્યાત્મિક આનંદના સ્વામી ભગ ને ભાઈ બહેન ગણવામાં આવે છે અને વરુણના પુત્રી, દુહિતા ગણવામાં આવેલ છે. સંસ્કૃતમાં જામિઃ એટલે પુત્રી. ભગસ્ય સ્વસા વરુણસ્ય જામિરુષઃ સુનૃતે પ્રથમા..... (ઋ ૧-૧૨૩-૫) તે સુનૃત અર્થાત્ સત્યની ઋત્‌ની પ્રથમ અભિવ્યક્તિરૂપ છે. ઉષા જે નિરાકાર અસીમ ચેતનાને અવરોધે છે તે અંધકારનો નાશ કરે છે અને પ્રકાશને લાવે છે. અપ દ્વિષો બાધમાના તમાં સ્યુષા વો દુહિતા જ્યોતિષાગાત્ (ઋ ૫-૮૦-૫) તે બધાંને સાધના માટે જગાડે છે પ્રબોધયંતીરુષ સઃ સસંતં..... (ઋ ૪.૫૧.૫) તે જીવન યજ્ઞમાં જાણે બળતણ પૂરે છે, સમિધા પૂરે છે ઉષો યદગ્નિં સમિધિ ચકર્થ (ઋ ૧-૧૧૩-૯) અને એમ કરીને જાણે દેવો જે ચેતનાના વિકાસનું જ કાર્ય કરે છે તેમને તેમના કાર્યમાં મદદ કરીને તેમની ઉપર અને અમારી ઉપર પણ ઉપકાર કરે છે, ભલું કરે છે. અજિગસ્ત દેવેષુ ચકૃષે ભદ્રમ્પ્નઃ (ઋ ૧-૧૧૩-૯) આ રીતે તેણે કારણ શરીરમાંના ચેતનાના પ્રકાશ સ્વરૂપ સૂર્ય માટે સૂક્ષ્મ અને સ્થૂળ શરીરમાં પ્રવેશવા માર્ગ ખોલી આપ્યો છે. આરૈક પંથાં યાતવે સૂર્યાય (ઋ ૧-૧૧-૧૬)

ઉષા સાધકના ચિત્તાકાશમાં ઊગે છે. તેથી તેને દિવઃ દુહિતા પ્રકાશની પુત્રી કહી છે. તેને રાત્રિની બહેન પણ વર્ણવેલ છે. કારણ ઉષા સાધકની ચેતનાનો જેમ ગ્રહણતાનો તબક્કો છે તેમ રાત્રિ સાધકની ચેતનાનો પચાવવાનો ગાળો છે. બન્ને ચેતનાની જ અવસ્થા છે તેથી બહેનો.

ઉષા અને રાત્રિનું સતત વારાફરતી સાહચર્ય રહે છે. આ બન્ને મળીને સાધકને દિવ્ય-સંપત્તિરૂપ દિવ્ય ગુણો મેળવી આપે છે. તેથી બન્ને ને 'સુભગે' કહ્યાં છે સુભગે એટલે સૌભાગ્ય આપનાર. ઉષા અને રાત્રિ બન્નેનો માર્ગ એક જ છેઃ ચેતનાનો વિકાસ (સમાનો અદ્વા) બન્નેનું ધ્યેય પણ એક જ છે (સમનસા) પણ બન્નેનું સ્વરૂપ જુદું છે (વિરુપે) સમાનો અદ્વા.....સમનસા વિરુપે (ઋ ૧-૧૧૩-૩) તેમને ઋત્ સત્યને જન્મ આપનારી સંયુક્ત માતા ગણાવેલ છે. ઋત્સ્ય માતરા (ઋ ૧-૧૪૨-૭)

સાધકના પ્રકાશમય ચેતનાનો ગાળો શરૂ થાય છે તેને ઉષા કહે છે તેમ પૂર્ણ પ્રકાશમય ખીલેલી ચેતનાને રાકા અથવા પૌર્ણમાસી કહેવામાં આવે છે. ત્યારે દેવો પોતાના કાર્ય કરવા સાધકના સ્વરૂપમાં આવીને રહે છે. તેથી પૂનમના દેવો સાથે રહેવાનો આનંદ મળે છે એવું વેદો જણાવે છે. તે વખતે પ્રત્યક્ષ સ્વર્ગ જાણે અગ્રભાગે, પૃષ્ટભાગે આવી વસે છે અને આનંદ પ્રાપ્ત થાય છે નાકસ્ય પૃષ્ટે સમિષા મધેન (અર્થવ ૭-૮૫-૧)

ઉષા અને ભગનો નજીકનો સંબંધ છે. ભગ દિવ્યસર્જનશક્તિરૂપ સાવિત્રીને પોતાના સાચા કાર્યમાં વાળે છે. સાવિત્રી જે દિવ્યકાર્ય કરે છે તેનો પ્રથમ પરિણામ એટલે ઉષા, પ્રકાશમય ચેતનાનો અરુણોદય.

ઉષાને નિરાકાર પ્રકાશમય ચેતનારૂપ 'અપાઃ'નો દ્વેષ કરનારી, તમસને-રાત્રિને મારી પાછળ હઠાવનારી, પ્રકાશની પ્રકાશમાન પુત્રી કહી છે અપ દ્વેષો બાધમાના તમાંસ્યુષા દિવે દુહિતા જ્યોતિષાગત્ (ઋ ૫-૮૦-૫) ઉષા બધાનાં આત્માને જગાડે છે અને સાધના તરફ વાળે છે. પ્રબોધયંતીરુષસઃસસંત ઋતાય જીવમ્ (ઋ ૪-૫૧-૫) આમ કરીને ઉષા દેવો પર ઉપકાર જ કરે છે. તે દેવેષુ ચકૃથ ભદ્રમપ્નું છે (ઋ ૧-૧૧૩-૩-૯) ભગસ્ય સ્વસા વરુણસ્ય જામિસ્ય જામિરુષઃ સુનૃતે પ્રથમા જરસ્વ (ઋ ૧-૧૧૩-૯) અર્થાત તે ભગની બહેન છે વરુણની પુત્રી છે (જામી) અને ઋતમ્નો પ્રથમ આવિર્ભાવ છે. ભગ સાથે સહકારી તરીકે કામ રે છે તેથી બહેન વરુણ અર્થાત અવચેતનમાંથી પ્રગટ થતાં પ્રકાશ સ્વરૂપ, તેથી પુત્રી. તે સૂર્ય માટે માર્ગ ખોલી દે છે. સૂર્ય એટલે આત્મા તેને પ્રગટ થવાનો માર્ગ ખોલી દે છે. આરૈકપંથાં યાતવે સૂર્યસ્ય (ઋ ૧-૧૧૩-૧૬)

ઉષા અને રાત્રીના યુગલને 'ઉષાસાનકતા' કહે છે. ઉષસ્ + સાનકતા આ બે શબ્દોથી તે શબ્દ બન્યો છે નક્ત એટલે રાત્રી. રાત્રી સાથેની ઉષા એવો અર્થ છે બન્ને દ્યુલોકથી પુત્રીઓ છે યોષણે દિવ્યે (ઋ ૭-૨-૬) ઉષા શું કરે છે ? અંધકારને ઓછો કરે છે ઉલેચે છે. ઉષા ઉચ્છતીતિ (નિ. ૨.૧૮) ભગ:

બાર આદિત્યો પૈકી એક ભગ છે. ભગને આંધળા ગણાવેલ છે. તસ્ય (ભગસ્ય) ચક્ષુ: પરાપતત્ તસ્માદાહુરન્ધો વૈ ભગ ઈતિ (ગો. બ્રા. ૨-૧-૨) સારાંશ, તેઓ પાત્રતા - અપાત્રતા જોયા વગર પોતાનું કાર્ય કરે છે. તેમનું કાર્ય છે સાવિત્રી સર્જન શક્તિ દ્વારા સત્યની આરાધના કરાવી આનંદ પ્રગટાવવો. સાવિત્રી પ્રથમ પ્રકાશમય ચેતનાની ઉષા પ્રગટાવે છે અને તેની દ્વારા ભગનો આનંદ પ્રગટ થાય છે. તેથી તેમને સત્યરાધો અર્થાત્ સાચો આનંદ આપનાર કહ્યાં છે. જીવનમાં જ સાચો આનંદ છે. ભગ સત્યરાધો (અથર્વ ૩-૧૬-૩) તે જ મંત્રમાં ભગને પ્રણેતા કહ્યાં છે. ભગ પ્રણેત: તેમ જ તેમને પ્રકાશ (ગો) અને શક્તિ (અશ્વો) આપનાર કહ્યાં છે. તેઓ સૂર્યાને (સાવિત્રીને) તેનો હાથ પકડી પતિગૃહે લઈ જતા દર્શાવેલા છે અર્થાત્ સર્જનશક્તિને પોતાના સાચા કાર્યમાં આધ્યાત્મિક પ્રગતિમાં પ્રયોજતા દર્શાવ્યા છે.

---

(અનુ.પૃ.૨૪ ઉપરથી) **ઉપનિષદો**

ત્યાં બધી વસ્તુઓ આપણા નિજઆત્માનાં જ રૂપો હોવાથી ત્યાગવાનો સવાલ નથી.

આમ, આપણું સત્ય હાલની આપણી જાતથી પર છે. તે અક્ષય આનંદ-સ્વરૂપ છે, જેને આપણે અમરતા કહીએ છીએ.

અહીં આપણે દેવોને (વૈશ્વિકશક્તિઓને) પૂજીએ છીએ કારણ તે જ આપણને સાચવે છે. આત્મા તો દેવોના પણ દેવ છે. ઈશ આ નિષ્કર્ષ સમન્વય કરીને મેળવે છે. જ્યારે કેન પૃથ્થ:કરણ કરીને મેળવે છે. ઈશ જાગૃત આત્માને કર્મમાં પ્રેરવા લખ્યું છે. કેન સૂતેલા આત્માને જગાડવા. કેનનાં અંતિમ બે શ્લોકો તો ઈશનો જ જુદા શબ્દોમાં અનુવાદ છે.

# ધી મધર્સ એજન્ડા

(મૂળ પુસ્તક : Mind of cells - by Satprem તેના પર આધારિત) **પરમસિદ્ધિનો પંથ**

- માનસિંહ ચાવડા

# અહંકારનો નાશ અને તેના પરિણામો

પ્રકરણ - ૭

**સમજૂતી** - માનસિંહ ચાવડા

It's strange, the consciousness has become increasingly intense and spread out, and the body is like something floating passively in that consciousness... A sort of ocean of light continueously at work. It's dark aquamarine (bluish-green), you know the colour ?... - 1968-1610

The problem is to keep a form without an ego,..

ભૌતિક શરીર ક્ષેત્રફળમાં બધા જ કોષોથી નાનું છે. બધા જ કોષો શરીરની બહાર પણ ઓછાવત્તા અંશે વિસ્તરેલાં ફેલાયેલાં હોય છે. આ શરીર બહારનો ફેલાવો આંતરચક્ષુથી જોવો અને અનુભવવો એટલે જ અહંકારને ઓગાળવો. અહંકાર પોતાની સીમા ભૌતિક શરીરની બહાર જવા જ દેતો નથી. શરીરમાંની પાર્થિવ ચેતના શરીર બહાર ફેલાઈને જ્યારે વિશ્વવ્યાપી બને છે ત્યારે તે સમગ્ર વિશ્વમાં ફેલાયેલાં આછા નીલપ્રકાશના પથરાયેલાં સમુદ્ર જેવી લાગે છે. આ આછા નીલપ્રકાશમાં થોડી લીલાશ પડતી ઝાંય હોય છે. આવે વખતે જાણે આ નીલપ્રકાશમય સમદ્રમાં શરીર નિષ્ક્રિય બનીને તરતું હોય એવું લાગે છે આવા પ્રકારનો ચેતો વિસ્તાર એટલે જ અહંકારને ઓગાળવો અથવા નષ્ટ કરવો. આને લીધે ચેતનામાં મુક્તિનાં, નમનીયતાનાં અને નિરાકારતાનાં સંવેદનો જાગે છે.

આ પ્રકારના ચેતો વિસ્તારથી સાધકમાં નીચેની ખાસ ક્ષમતાઓ વિકાસ પામવા માંડે છે.

It is extremely sensitive to every incoming vibration - both qualities at the same time -; extremely sensitive to what comes from others and at the sametime endowed with an extraordinary power to enter them and work in them. - 1969-164

શરીર બહારનાં સંવેદનો બાબત ખૂબ જ સંવેદનશીલ બની જાય છે. નાનકડી સંવેદના પણ શરીરનું ધ્યાન ખેંચે છે. બધી જ સંવેદનાઓ સભાન રીતે એકાગ્રતાથી અનુભવાય છે પણ આનો અર્થ એ નથી કે શરીર આવાં સંવેદનોથી વ્યગ્ર થઈને ખૂબ જ કાર્યપ્રવણ બની જાય છે. તેથી ઊલટું આવા સંવેદનો તેને એક આવતી અને પોતાના સ્વરૂપમાં પ્રવેશતી લહેરની જેમ અનુભવાય છે. એટલું જ નહિ પણ તે આવતાં સંવેદનોનું આંતર સ્વરૂપ પહેલેથી આપણે ઓળખી જઈએ છીએ અને તેની સામે જઈ તે આવતા આંદોલનમાં પ્રવેશીને તેની ગતિને ભાંગી નાખી શકાય છે. વળાંક આપી શકાય છે અને આપણા સ્વરૂપની બહાર જ વિલીન પણ કરી શકાય છે. આવી સ્વ સંરક્ષણની અગમચેતી પ્રખર રીતે જણાય છે.

અહંકારનો નાશ અસીમતા ધારણ કરવાથી જ થાય છે. મર્યાદિત રહેવું એ તેનું ખાસ લક્ષણ છે 'મારું પોતાનું' આ ભાવના જ સીમારેખા નિર્માણ કરે છે. જ્યારે આ સીમાઓ જ ભૂંસી નાખવામાં આવે છે ત્યારે અહંકાર નબળો પડતો જઈને નાશ પામે છે.

---

(અનુ.પૃ.૩૧ ઉપરથી) **શ્રી અરવિન્દ : પોતા વિષે**

અધિમનસની કક્ષાએથી શ્રી અરવિન્દ ભૌતિક ઘટનાઓના વિકાસને વળાંક આપી શકતાં હતાં, કારણ તે ક્ષમતા અધિમનસનાં સત્ત્વોરૂપ દેવોમાં હોય જ છે. તે અતિમાનસિક કાર્ય હોતું નથી. તેથી તેમાં અવરોધો અને પીછેહઠ જેવા પ્રસંગો આવતા જ હોય છે, તે ખરેખર દેવાસુરસંગ્રામ હોય છે.

પણ દિલીપકુમાર રોય અહીં સમજવા માગતા હતા કે નૈસર્ગિક રીતે પોતાની નિયતિ મુજબ ઘટવાની ઘટના અને આ રીતે અધિમાનસિક શક્તિઓથી વળાંક આપીને પરિણામ લાવેલી ઘટનામાં શું તફાવત છે ? શું આ બીજા પ્રકારની ઘટનાની નિયતિ હોતી નથી ? શું નિયતિ પણ બદલાઈ શકે છે ?

# યોગનાં મૂળ તત્ત્વો

- શ્રી અરવિન્દ

## મુશ્કેલીઓ અને પ્રગતિ

પ્રકરણ - ૧૨ (પૃ. ૪૨-૪૭)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૨૪ **બીજાઓની કાયમ ભૂલો જોવી, તેની ટીકા કરવી એ શું સાધનામાં હાનિકારક નથી?**

હા, તે સાધનામાં નુકશાન કરે છે. તમારી જ સદ્‌ભાવનાના વિકાસને અવરોધે છે. તે બીજાને પીડા આપી પરપીડનનો ક્ષુદ્ર આનંદ લેવાની નિમ્નપ્રાણની વૃત્તિ હોય છે. આ વસ્તુ બન્ને પક્ષની પ્રગતિમાં મુશ્કેલીઓ સર્જે છે. પણ ટીકા કરનારની મુશ્કેલી વધુ ગંભીર હોય છે.

૨૫ **ગપસપ કરવી એ શું સાધનામાં હાનિકારક છે?**

હા, જરૂર તેમાં તમારી વિવેકશક્તિને નબળી પાડી દેવાની ક્ષમતા છે. મનફાવે તેમ બોલવાની ટેવ પાડે છે.

૨૬ **શું સાધકની આંતરિક અથવા બાહ્ય ખોટી વસ્તુ વાતાવરણ ઉપર પરિણામ કરી અન્યોને નુકસાન પહોંચાડે છે?**

હા, આપણી દરેકઆંતર બાહ્ય ગતવિધિઓના આંદોલનો વાતાવરણ ઝીલીને કંપિત થતું જ હોય છે. એ અન્ય ઉપર નાડીતંત્ર દ્વારા અસર નિર્માણ કરતું જ હોય છે.

૨૭ **શું અસ્વસ્થતા કે ક્ષોભ એ પ્રભુ વિરોધી કૃત્યનું લક્ષણ છે?**

વ્યક્તિમાં ક્ષોભ કે અસ્વસ્થતા બે કારણોસર આવે છે. ખોટી ગતિવિધિનો વિરોધ ચૈત્યપુરુષ અસ્વસ્થતા અને ક્ષોભ નિર્માણ કરીને જણાવે છે. આ રીતે તે સાધકને ચેતવે છે. બીજું કારણ એ છે કે પોતાની પ્રકૃતિમાં રહેલી અપૂર્ણતાનું આપણને તીવ્ર ભાન થઈ આપણી નબળાઈ સામે આપણે નિર્બળ પુરવાર થઈએ છીએ, ત્યારે પણ અસ્વસ્થતા અને

ક્ષોભ નિર્માણ થાય છે.

૨૮ **એક સાધક જ્યારે મુશ્કેલીઓ અને અવરોધો જીતી પાર ચાલ્યો જાય છે ત્યારે તે મુશ્કેલીઓ અને અવરોધો જગતમાંથી સદંતર નષ્ટ કેમ નથી થતા.**

વ્યક્તિગત પ્રકૃતિમાંથી મુશ્કેલીઓ અને અવરોધોને જાકારો આપતા તે બધી વિશ્વપ્રકૃતિમાં ઠલવાતી હોય છે. જ્યાં સુધી વિશ્વપ્રકૃતિ શુદ્ધ અને દિવ્ય નહિ થાય ત્યાં સુધી તે રહેવાની જ છે. એક વ્યક્તિની ઉત્ક્રાંતિ પૂર્ણ થાય પણ વિશ્વની ઉત્ક્રાંતિ તો અધૂરી જ હોય છે. તેમને માટે તે મુશ્કેલીઓ અને અવરોધો હોય છે.

૨૯ **સાધક માંદગીમાંથી સર્વથા મુક્ત ક્યારે થઈ શકે ?**

જ્યારે તે વૈશ્વિક શારીરિક પ્રકૃતિ ઉપર સંપૂર્ણ વિજય પ્રાપ્ત કરશે ત્યારે જ માંદગી સંપૂર્ણરીતે નિર્મૂળ થશે. શારીરિક પ્રકૃતિ ઉપર વિજય એટલે શારીરિકતામાંના તમસનું સંપૂર્ણ વિસર્જન અને દિવ્યપ્રકાશની દરેક શારીરિક કોષમાં કાયમી સ્વરૂપની ધારણા અને તેની દ્વારા પ્રભુનું સંચાલન. સારાંશ, દિવ્યશારીરિક તત્ત્વની રચના જે પ્રભુના જ આંદોલનોને પ્રગટ કરશે તે નમનીય હશે. તેને જ અતિમનસ દેહ કહે છે.

૩૦ **માંદગીને ત્વરિત બહાર ફેંકી સાજા કેવી રીતે થવાય ?**

પરમપ્રભુમાં નિતાંત શ્રદ્ધા રાખી તેમની દિવ્ય - શક્તિનું શરીરમાં આવાહન કરવું એ તેનો મુખ્ય ઉપાય છે. નવી માંદગી તેથી તરત મટશે જૂનીને મટતા વાર લાગશે.

૩૧ **શું સાધકે દવાઓનો ઉપયોગ કરવો જરૂરી છે ? પ્રભુની શક્તિને ભૌતિક આધાર આપવા અને મદદરૂપ થવા જરૂર પૂરતી દવા લેવી જરૂરી છે ?**

દવા લેવાથી તમારી શ્રદ્ધા પણ વધુ દૃઢ થશે અને દિવ્યશક્તિને કાર્ય કરવું સુગમ થવાથી પરિણામ તરત આવશે.

૩૨ **પ્રભુ પ્રત્યેની શ્રદ્ધામાં ઊણપ શું માંદગીને નોતરે છે ?**

શ્રદ્ધાની ઊણપ માંદગીના આંદોલનો માટે અનુકૂળ વાતાવરણ સર્જી આપે છે. સાજા થવાની પ્રક્રિયાને પણ ધીમી પાડી દે છે. પણ તે માંદગીના અનેક કારણોમાંનું એક કારણ છે. એકમાત્ર કારણ નથી.

# શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો
- શ્રી માતાજી

# પ્રભુ સાથે હસતાં શીખો (૭૯-૮૦)

(માતૃવાણી ભા.-૧૦ - પૃ.૧૭૬-૧૮૦)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**(૧) પ્રભુનું હાસ્ય કોઈકવાર સભ્ય લોકોને બહુ અસંસ્કારી અને અનુચિત લાગે તેવું હોય છે. પ્રભુને પોતે મોલિયેર બનવાથી સંતોષ હોતો નથી. એમણે એરિસ્ટોફેનિસ તથા રાબેલે થવાની જરૂર પણ રહે છે (૭૯)**

**(૨) માણસો જીવનને જો જરા ઓછું ગંભીર રીતે લે તો તેઓ જીવનને બહુ જલદીથી વધારે સંપૂર્ણ બનાવી શકે છે. પ્રભુ પોતાનાં કામોને ગંભીરપણે લેતાં નથી. એટલે તો આપણને આ અદ્ભુત જોવાનું મળે છે. (૮૦)**

**(૩) લજ્જાનાં પરિણામો ઘણાં સારાં આવતાં હોય છે અને રસશાસ્ત્રમાં તેમજ નૈતિક જીવનમાં આપણે એનાં વિના ચલાવી શકીએ તેમ નથી. પણ આમ છતાં લજ્જા એ દુર્બળતાનો બિલ્લો છે અને અજ્ઞાનની સાબિતી છે. (૮૧)**

* * * *

બાળક : માતાજી જીવનને ગંભીરતાથી પૂર્ણતાની કક્ષાએ પહોંચાડવાના લાહ્યમાં વ્યક્તિ સદ્ગુણોનો સમન્વય અને સુસંવાદ કરાવવાનું ભૂલી જાય છે અને વિસંવાદને જન્મ આપે છે.

બીજું, સદ્ગુણ જીવનમાંની અમુક વસ્તુઓને દબાવી દેવામાં માને છે. વળી આ એક જ સદ્ગુણ માટે દબાવી દેવાની વસ્તુઓ દરેક દેશમાં જુદી જુદી હોય છે. જો બધાંને ભેગી કરીએ તો જીવનમાં પ્રગટ કરવા જેવું જ કાંઈ નહિ રહે.

ત્રીજું, સદ્ગુણ અને દુર્ગુણ વચ્ચેનો વિરોધ પૂર્ણતામાં અવરોધક બને છે.

પૂર્ણતામાં બધું જ સ્વીકારવામાં આવે છે. ફક્ત તેમને યોગ્ય સ્થાને ગોઠવી દેવામાં આવે છે.

ચોથું, સદ્‌ગુણના વિકાસની ધૂન માણસને 'ચોખલિયાત' બનાવી દે છે. તે વ્યક્તિ શુષ્ક, નીરસ, કઠોર આક્રમક બને છે. તેને બધે ભૂલ જોવાની ટેવ પડી જવાથી સદા અસંતુષ્ઠ જ રહે છે.

પાંચમું, જીવનને ગંભીર રીતે લેવાથી બિનમહત્વની વસ્તુ વધારે મહત્ત્વ અને મહત્ત્વની વસ્તુને બિનમહત્વની ગણવાની ભૂલ થાય છે.

જીવનને પૂર્ણ કરવા તો તેની તરફ એક ઊર્ધ્વ ચેતનામાંથી જોતા શીખવું પડશે. તેથી જીવનની સમગ્રતા સમજાશે. તે સમગ્રતા ભૂત, ભવિષ્ય, વર્તમાનમાં પણ સ્થાયી બને તેવી દૃષ્ટિ ખીલશે. દરેક વસ્તુનું યોગ્યસ્થાન તમે સમજી શકશો. તેને દબાવવાની કે હઠાવવાની જરૂર નહિ રહે. તે બધી વસ્તુઓ સાથે સંવાદમાં ગોઠવાઈ જશે. તેથી ત્યાજ્ય, ધૃણાસ્પદ, અસ્વીકાર્ય વસ્તુ પણ દિવ્ય બનશે. તે જીવનના આનંદ અને મુક્તિને પોષક બનશે. પ્રભુનું સાન્નિધ્ય વર્તાશે.

તે હાજરી દુઃખ અને અજ્ઞાનને ઓગાળી નાખશે. આંતરસૂર્યનો પ્રકાશ સમગ્ર પ્રકૃતિ ઉપર પડશે અને તમને લાગશે કે દુઃખ, મુશ્કેલી વેદનાઓ અવાસ્તવિક છે. ખરેખર તો બધા આનંદનાં જ આંદોલનો છે. પ્રકાશનાં જ આંદોલનો છે. મુશ્કેલીઓ અને દુઃખો કરતા વેદનાને આનંદમાં રૂપાંતરિત કરવી જરા અઘરી પડે છે. પણ શરીરની મુલાયમતા, પરિસ્થિતિને અનુકૂળ થવાની ક્ષમતા, વધતી જ જાય છે. વિસંવાદ, કુમેળ, કર્કશતા, કકળાટ બધું જ ઓગળી જાય છે. તે સૂર્ય જ બધાનું અને આપણું સત્ય છે. ગંભીર બનવું એટલે આ સહજ સ્થિતિમાંથી ચલિત થવા જેવું છે. ગંભીરતાને કારણે, પશ્ચાતાપ, અફસોસ, અપાત્રતાનો ભાવ, પાપની લાગણી જન્મે છે. તે બધી જ ખોટી ગતિઓ છે. તે જીવનને વિભાજિત કરી નાખે છે. પવિત્ર - અપવિત્ર, સારું - નરસુ, આધ્યાત્મિક - બિનઆધ્યાત્મિક જીવન અખંડ છે. તેને વિભાજિત ન કરવું જોઈએ.

પ્રભુ સાથે જીવનમાં હરક્ષણે હસતાં શીખો. રાબેલે, ફ્રેન્ચ સંસ્કારી હાસ્ય લેખકની જેમ કે અરિસ્ટોફેનિસની જેમ જીવનની ગ્રામ્યતામાં પણ.

# જાતક કથાઓ

- માનસિંહ ચાવડા

## ''કરમના ફળ''

પ્રકરણ - ૨૧

એક બગલો એક નાનકડા તળાવ પાસે આવી પહોંચ્યો. તળાવમાં ઘણાં માછલા હતાં. બગલાએ યુક્તિ કરી પોતે દેવદૂત છે એવું વર્તન કરવા લાગ્યો. મોટેથી બોલ્યો :

''હે માછલીઓ, સાંભળો મને સપનામાં આવી ભગવાને આદેશ આપ્યો છે. તમને બચાવવા મોકલ્યો છે. આ તળાવ હવે ઉનાળામાં સુકાઈ જવાનું છે. તે પહેલાં તમને હેમખેમ પાસેના મોટા તળાવમાં પહોંચાડવાનાં છે. તેથી તમારામાંથી જે તૈયાર હોય તેમને એક એકને લઈને હું પડખેના તળાવમાં મૂકી આવીશ. પંદર દિવસ પછી મને બીજું કામ સોંપેલું હોવાથી હું તમને મદદ કરવા નહિ આવી શકું.''

માછલીઓ તો સાથે જવા પડાપડી કરવા લાગી. બગલો બબ્બે કલાકે એક માછલીને ચાંચમાં પકડી લઈ જાય. રસ્તામાં આવતા ખડક પર બેસે અને માછલી ખાઈ જાય. હાડકાં ત્યાં જ ફેંકી દે.

આમ કરતાં બધી માછલીઓ પૂરી થઈ ગઈ. અંતે કરચલાઓનો વારો આવ્યો. કરચલો ચતુર હતો. તે બોલ્યો, ''બગલાભાઈ, ખરેખર તમે ભગવાનના દેવદૂત છો નહિ તો અમારી શી વલે થાત ? હવે મને પણ લઈ જાઓ. હું તમારી ડોકે મારા આગળના અંકોડા ભેરવી ટીંગાઈ રહીશ. તમને જરા પણ તકલીફ નહિં આપું.''

બગલો તો મનમાં હરખાતો તૈયાર થઈ ગયો.

પેલો ખડક આવતા કરચલાને વેરવિખેર માછલાંના હાડકાં દેખાયાં. તે બધી વાત સમજી ગયો, તે બોલ્યો : ''ભગવાને મને હમણાં સંદેશ મોકલ્યો છે કે બગલાને તરત મારી પાસે મોકલો.''

કરચલાએ આગળના અંકોડાની ભીંસ આપતા જ બગલાની ડોક કપાઈ ગઈ.

જેવા કરમ તેવા ફળ.

- હર્ષદ ઠકરાર

# ''અધિમનસ સિદ્ધિદિન''

શ્રી અરવિન્દ આશ્રમ અને વિશ્વભરના સર્વે શ્રી અરવિન્દ કેન્દ્રોમાં ૨૪ નવેમ્બર સિદ્ધિદિન તરીકે ઉજવવામાં આવે છે. ૨૪ નવેમ્બર ૧૯૨૬ના રોજ શ્રી અરવિન્દે પાર્થિવ ચેતનામાં અધિમનસ ચેતનાનો આવિર્ભાવ સિદ્ધ કરી આપેલ છે.

અધિમનસ ચેતનાને શ્રી અરવિન્દ શ્રીકૃષ્ણ ચેતના પણ કહેતા હતા. શ્રીકૃષ્ણ જ્યારે વ્યક્તિ - સ્વરૂપે આર્વિભાવ પામ્યા ત્યારે તેઓ પાર્થિવ ચેતના અને અપરાપ્રકૃતિ સાથે આર્વિભાવ પામ્યા ન હતા. પરંતુ શ્રીકૃષ્ણ અધિમનસ ચેતના અને પરાપ્રકૃતિ સાથે આર્વિભાવ પામ્યા હતા.

શ્રી અરવિન્દે આ જગતમાં સામાન્ય માનવ તરીકે અપરાપ્રકૃતિ અને પાર્થિવ ચેતના સાથે જન્મ લીધો હતો. શ્રી અરવિન્દે તેમની સાધના દ્વારા પાર્થિવ ચેતનાનું અધિમનસ ચેતનામાં રૂપાંતર સિદ્ધ કરી આપેલ છે. શ્રી અરવિન્દે આ સિદ્ધિ વ્યક્તિ સ્વરૂપ તરીકે પોતા પૂરતી સીમિત રાખી નથી. પરંતુ સમગ્ર માનવ વતી આ રૂપાંતર સિદ્ધ કરી આપેલ છે. તેનો રાજમાર્ગપણ સિદ્ધ કરી આપેલ છે.

કોઈ પણ રાજમાર્ગ તૈયાર કરવામાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. એક વાર રાજમાર્ગ તૈયાર થઈ જાય પછી તે રાજમાર્ગ ઉપર વાહનો પૂરપાટ વેગે પોતાના લક્ષ્ય સ્થાને પહોંચે છે. વાહનમાં મુસાફરી કરનાર મુસાફરને ખબર પણ હોતી નથી કે આ રાજમાર્ગ તૈયાર કરવામાં કેટલી મુશ્કેલી આવી છે.

શ્રી અરવિન્દે આપણને પાર્થિવ ચેતનાનું અધિમનસ ચેતનામાં રૂપાંતરિત કરવાનો રાજમાર્ગ તૈયાર કરી આપેલ છે. આ રાજમાર્ગ તૈયાર કરવામાં શ્રી અરવિન્દે કેટલાં કષ્ટો વેઠ્યાં છે તેનો આપણને અનુભવ નથી. અધિમનસના આ રાજમાર્ગ ઉપર માનવે અભીપ્સા, સમર્પણ અને પરિત્યાગના પુરુષાર્થ દ્વારા પોતાના જીવનરૂપી વાહનને પાર્થિવ ચેતનામાંથી અધિમનસની ચેતનામાં રૂપાંતરિત કરવાનું છે.

પાર્થિવ ચેતનામાંથી અધિમનસ ચેતનામાં રૂપાંતર માનવની અભીપ્સા, સમર્પણ અને પરિત્યાગની તીવ્રતા ઉપર આધાર રાખે છે. માનવમાં જેટલી તીવ્રતાથી આ પુરુષાર્થનું કાર્ય કરશે તેટલી તીવ્રતાથી માનવ પોતાના ગંતવ્ય સ્થાને પહોંચી શકશે. આથી માનવે શ્રી અરવિન્દની સિદ્ધિને સિદ્ધ કરવા માટે પોતાના પુરુષાર્થને તીવ્ર કરવો પડશે.

હાલ માનવ પાર્થિવ ચેતનામાંથી ઉત્ક્રાંત થઈ મનોમય ચેતના સુધી પહોંચ્યો છે. હવે પછી આ ઉત્ક્રાંતિ માનવને મનોમય ચેતનામાંથી અધિમનસ ચેતના સુધી લઈ જશે. પાર્થિવ ચેતનાથી મનોમય ચેતના સુધીની ઉત્ક્રાંતિ પ્રકૃતિએ પોતાની શક્તિ દ્વારા સિદ્ધ કરી આપેલ છે. હવે આગળની ઉત્ક્રાંતિમાં માનવ પ્રકૃતિની સાથે તેના મનને સહભાગી બનાવે તો ઉત્ક્રાંતિ ઝડપી સિદ્ધ થઈ શકે તેમ છે.

આ ઉત્ક્રાંતિ સિદ્ધ કરવા માટે માનવે પોતાના મનમાંથી મુક્ત થઈ ઊર્ધ્વમનમાં ઉત્ક્રાંત થવાનું છે. ઊર્ધ્વમન એટલે જ્યાં માનવ બુદ્ધિ અત્યાર સુધી માહિતી આધારિત, તર્ક દ્વારા નિર્ણય લેતી હતી તેમાંથી મુક્ત થઈ પરમ પ્રભુના પ્રકાશમાં અને પ્રેરણામાં નિર્ણય લેતી થાય છે.

ઊર્ધ્વમનમાંથી ઉત્ક્રાંત થઈ માનવ હાલનાં પ્રાપ્ત ઊર્ધ્વતમ મનમાં પ્રવેશે જ્યાં માનવ માનવનાં અંગો મન, બુદ્ધિ, ચિત, અહંકાર રૂપાંતર પામી પ્રેરણાત્મક ચેતના સ્વરૂપ બને છે.

માનવની આ પ્રેરણાત્મક ચેતના સ્વરૂપ ઉત્ક્રાંતિ અંતે અધિમનસ ચેતનામાં રૂપાંતર પામે છે.

અધિમનસ ચેતનામાં માનવનું રૂપાંતર એટલે મનોમય આનંદમય સ્વરૂપમાં રૂપાંતર. ચૈતસિક આનંદમય સ્વરૂપ એટલે આ સ્વરૂપમાં જો કોઈ માનવ આવે ત્યારે તે ફક્ત ચેતસિક આનંદ જ અનુભવે. જે આપણને શ્રીકૃષ્ણ અને ગોકુલવાસીના સંપર્કમાં અનુભવાય છે.

અચિત્ પાર્થિવ ચેતનાથી અધિમનસ ચેતના સુધી યાત્રા અજ્ઞાન (અંધકાર)થી દિવ્યજ્ઞાન (પ્રકાશ)ની યાત્રા છે. અધિમનસ ચેતનાથી ઊર્ધ્વમાં ક્યારેય અંધકાર પ્રવેશી શકે નહીં. કારણકે અધિમનસ ચેતનામાં અચિત્ રૂપે રહેલ પાર્થિવ તત્વ રૂપાંતર પામી ચૈતસિક તત્વ રૂપે પ્રગટે છે.

આત્માને આપણે પ્રતિકારત્મકરૂપે આત્મ જ્યોત સ્વરૂપે વર્ણવીએ છીએ. આ જ્યોતમાં જે પ્રકાશ છે તે પરમ પ્રભુનો છે. જે સમજવા માટે આપણને ગીતા મદદમાં આવે છે.

''યદાદિત્યગતં તેજો જગદ્ ભાસયતેડખિલમ્।
યચ્ચન્દ્રમસિ યચ્ચાગ્નૌતત્તેજો વિદ્ધિ પાપકમ્॥''

(ગીતા : અ:૧૫:શ્લો.:૧૨)

સૂર્યને પ્રાપ્ત થયેલું જે તેજ સમગ્ર જગતને પ્રકાશિત કરે છે અને જે તેજ ચંદ્રમામાં છે અને જે અગ્નિમાં છે તેને તું મારું જ તેજ જાણ.

યોગેશ્વર શ્રીકૃષ્ણ સમજાવે છે તે મુજબ સકલ પ્રકાશનું ઉદ્ભવસ્થાન પરમ પ્રભુ છે અને પરમ પ્રભુ ફક્ત પ્રકાશ જ છે.

એટલે જ શ્રી અરવિન્દ સાવિત્રીમાં જણાવે છે કે આપણે સૌ પ્રકાશમાંથી આવિર્ભાવ પામ્યા છીએ અને પ્રકાશમાં પાછા વિલીન થવાના છીએ.


પ્રકાશની હાજરીમાં અંધકારનું અસ્તિત્વ ન હોવાથી માનવ મનનું અજ્ઞાન સંપૂર્ણ નાશ પામે છે. અજ્ઞાન જ્ઞાનમાં રૂપાંતર પામવાથી માનવ ફક્ત જ્ઞાનમાં જીવન વ્યતીત કરે છે.

જ્ઞાનમાં જીવન એટલે અજ્ઞાનના દ્વન્દ્વો સુ:ખ - દુ:ખ, હર્ષ - શોક, ભય - નિર્ભય વિગેરેમાંથી મુક્તિ. માનવ દ્વન્દ્વોમાંથી મુક્ત થતો હોવાથી ફક્ત ચૈતસિક આનંદ અને નિર્ભયતાની અનુભૂતિ શ્રી કૃષ્ણ સામે ગોપીઓ અનુભવતી હતી. આ અનુભૂતિને સમજાવતા શ્રી અરવિન્દ જણાવે છે.

"When I live in Krishna
The ego and self - interest vanished,
Only God himself can qualify my love
Bottomless and illimitable."
(Thought & Aphorism - 490) Sri Aurobindo

શ્રી અરવિન્દે સમજાવ્યા મુજબ આપણે સૌ અધિમનસ ચેતનામાં રૂપાંતર પામી અગાધ અને નિસીમ પ્રેમને સકલ જગતમાં ફેલાવવા સહભાગી બનીએ.

ૐ શાંતિ..... શાંતિ..... શાંતિ.....



## શ્રી અરવિંદ

He passed the border marked for Matter's rule,
And passed the zone where thought replaces life.
Out of this world of signs suddenly he came
Into a silent self where world was not
And looked beyond into a nameless vast.

Shri Auribindo (Savitri - B-1, C-3, P.-31)

### સાકાર વિશ્વથી અતિત

અશ્વપતિએ સિમોલ્લંઘન કર્યું, ભૌતિક જગત પાછળ રહ્યું,
મનોમન સૂક્ષ્મ જગતે, બધું મનનું કહ્યું કરે.
ત્યાં બધું શાસિત વિચારો થકી, વિચાર જ સર્જનશક્તિ રૂપ,
ત્યાંથી પણ રાજન્ આગળ વધ્યો, જ્યાં મૌન આત્માનો દેશ અનૂપ,
ત્યાં ન કોઈ સાકાર વસ્તુ હતી, જગતનું ન નામનિશાન,
ત્યાં અનામી વિશાળતા રાજ કરે, ને વિસ્તરેલું સત્ ગોચર બને.

Registration of News Paper No. GUJGUJ/2013/48361 Postal Reg. No. RAJKOT-303/2012-2014
Price : Rs. 15/- Annaul Subscription : Rs. 150/- 1st of Every Month at Rajkot RMS - Langauge : GUJARATI

# ચતુરાશ્રમ - વાનપ્રસ્થાશ્રમ

(જીવન : ૫૧ - ૭૫ વર્ષ)

સંસાર - બોજ પુત્રને, સોંપી આશ્રમે સિધાવવું,
આને કહે વન પ્રતિ, પ્રસ્થાનને આવકારવું.
જીવનમાં જે નિચોડ લાધ્યો, તે બટુઓને શીખવવો,
ઉપજીવિકાનું જ્ઞાન આપી, આત્મવિશ્વાસને વધારવો.

પત્ની સાથે આશ્રમે રહી, ઇન્દ્રિયભોગ ત્યાગવો,
નિર્લેપતા આત્માતણી, જીવનમાં ફણગાવવી.
આંતર - એકાગ્રતા, સમતામાં રહી, શાંતિને સ્થાપવી,
ને આંતરપ્રકાશને શરીરમાં, વિસ્તારવો હૃદયે ધરી.

આંતર અવયવોમાં ભરી, તેમને ઉજાળવા,
ત્યાંથી પણ નીચે લાવી, કોષોમાં સ્થાપવો.
દિવ્ય-તનુને ધ્યાને ધરી, દૃઢ તેને કરતા જવી,
જેથી તે કરણ બને, પરિપૂર્ણ પ્રભુનું ફરી.

આંતર-પ્રકાશ નિરાકાર છતાં, જીવંત ને સભાન છે,
સંકલ્પ માત્રે સાકાર બની, સઘળાં કાર્યો હાથ ધરે,
તેને વિસ્તારી જગતમાં, ઓતપ્રોત કરવી ધરા,
ને તે મહાપ્રકાશે વિચરવું, એ છે વાનપ્રસ્થિની કળા.

ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રનાં પ્રકાશનો

સહજ સત્સંગ માસિક
www.motherandsriaurobindo.org>E-Library>Magazines>SahajSatsang(Gujarati)
www.aurogujarat.com>Journals & Ebooks>Sahaj Satsang

પુસ્તકો
www.motherandsriaurobindo.org>centers>India>Gujarat>Rajkot

E-mail ID : sahajsatsang@gmail.com

સહજ સત્સંગ (માસિક) તંત્રી : માનસિંહ કે. ચાવડા, પ્રકાશક : કમલેશ સી. માંડવીયા, મુદ્રક : લલિત એચ. ઉપાધ્યાય, માલિક : મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ, પ્રકાશન સ્થાન : સહજ સત્સંગ કાર્યાલય, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫ ગુજરાત, મુદ્રણ સ્થાન : લા મેર પ્રિન્ટરી, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫. ગુજરાત